




# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 21 | AD - 2025, Aso Vad-((0 | Tuesday, Dt.21-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**પીએમ મોદીએ ગોવા અને કારવારના દરિયાકાંઠે આઇએનએસ વિક્રાંત પર બહાદુર સશસ્ત્ર દળોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી**

# વીર જવાનોને કારણે જ ઓપરેશન સિંદૂરમાં ભારતની જીત : મોદી

(એચ.એસ.એલ),પણજી,તા.૨૦



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોવા અને કારવારના દરિયાકાંઠે આઈએનએસ વિક્રાંત પર બહાદુર સશસ્ત્ર દળોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. આ દરમિયાન, વડાપ્રધાન મોદીએ સશસ્ત્ર દળોના સૈનિકોને કહ્યું, આજનો દિવસ એક અદ્ભુત દિવસ છે. આ ક્ષણ યાદગાર છે. વડાપ્રધાને કહ્યું, સમુદ્રની ઊંડી રાત અને સવારના સૂર્યોદયથી મારી દિવાળી ઘણી રીતે ખાસ બની છે. અને તેથી, ફરી એકવાર, તમને દિવાળીની ઘણી બધી શુભકામનાઓ. તમને પણ શુભકામનાઓ, અને આઈએનએસ વિક્રાંતની આ બહાદુર ભૂમિ તરફથી, કરોડો દેશવાસીઓને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આ પ્રસંગે, હું ખાસ કરીને આપણા સશસ્ત્ર દળોને સલામ કરવા માંગુ છું. ભારતીય નૌકાદળ દ્વારા પેદા કરાયેલ ભય, ભારતીય વાયુસેના દ્વારા પ્રદર્શિત અદ્ભુત કૌશલ્ય, ભારતીય સેનાની બહાદુરી, ત્રણેય સેનાઓનું જબરદસ્ત સંકલન, જેના કારણે પાકિસ્તાનને ઓપરેશન સિંદૂરમાં આટલી ઝડપથી શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી. અને તેથી, આજે, ફરી એકવાર, આ પવિત્ર પૂજા સ્થળ પરથી, આઈએનએસ વિક્રાંતના આ શૌર્ય સ્થાન પરથી, હું ત્રણેય સેનાઓના બહાદુર સૈનિકોને સલામ કરું છું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'જ્યારે દુશ્મન સામે હોય છે, જ્યારે યુદ્ધનો ખતરો હોય છે, ત્યારે જેની પાસે પોતાના દમ પર લડવાની શક્તિ હોય છે તે હંમેશા ઉપર રહે છે.

તેમણે વધુમાં કહ્યું કે સશસ્ત્ર દળો મજબૂત બને તે માટે તેમના માટે આત્મનિર્ભર બનવું ખૂબ જ જરૂરી છે. આ બહાદુર સૈનિકો આ માટીમાં જન્મ્યા હતા અને આ માટીમાં જ મોટા થયા હતા. જે માતાના ખોળામાંથી તેઓ જન્મ્યા હતા, તે માતા પણ આ માટીમાં જ મોટા થયા હતા, અને તેથી તેઓ આ માટી માટે મરવા, આ માટીના સન્માન અને આદર માટે પોતાનું બલિદાન આપવાની પ્રેરણા મેળવે છે... જે તાકાત તમારા ભારતીય હોવામાં રહેલી છે, જે તાકાત ભારતની માટી સાથેના તમારા જોડાણમાં રહેલી છે, તેવી જ રીતે, જેમ જેમ આપણા દરેક સાધન, શસ્ત્ર અને ઘટક ભારતીય બને છે, તેમ તેમ આપણી તાકાતમાં વધારો થશે.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે ૨૦૧૪થી, આપણા શિપયાર્ડ્સ દ્વારા ૪૦થી વધુ યુદ્ધ જહાજો અને સબમરીન બનાવવામાં આવ્યા છે. અમારું લક્ષ્ય ભારતને વિશ્વના સંરક્ષણ ઉત્પાદનોના ટોચના નિકાસકારોમાંનું એક બનાવવાનું છે. તેમણે વધુમાં કહ્યું કે બ્રહ્મોસ નામ કેટલાક લોકોમાં ભય પેદા કરે છે, અને હવે ઘણા દેશો આ મિસાઈલો ખરીદવામાં રસ ધરાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે દુશ્મનની હિંમતનો અંત લાવી શકે તેવા જહાજનું નામ આઈએનએસ વિક્રાંત છે. હું આ પ્રસંગે આપણા સશસ્ત્ર દળોને સલામ કરવા માંગુ છું. ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણેય સેનાઓ વચ્ચેના જબરદસ્ત સંકલનથી પાકિસ્તાનને આટલી ઝડપથી શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી. ફરી એકવાર, હું આઈએનએસ વિક્રાંતના સમર્પણ અને બહાદુરીના સ્થાન પરથી ત્રણેય સેનાઓને સલામ કરું છું.



















અમરેલી બ્રોડગેજ રેલવેની કામગીરી ચાલી રહી હોવાથી રેલવે સ્ટેશન અને રેલવે સેવા બંધ કરવામાં આવી છે

# ધારી રેલવે સ્ટેશન છેલ્લા ૬ મહિનાથી બંધ થતાં મુસાફરો પરેશાન

ધારી,તા.૨૦

ધારી શહેરનું રેલવે સ્ટેશન અને ત્યાંથી પસાર થતી મીટર ગેજ ટ્રેન સેવા છેલ્લા છ મહિનાથી બંધ થતાં સ્થાનિકો અને પર્યટકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને દિવાળીના તહેવારો અને વેકેશનના સમયમાં મુસાફરોની અવરજવર વધતાં લોકોએ ફરીથી રેલવે સ્ટેશન અને ટ્રેનો શરૂ કરવાની માગણી કરી છે. ધારી શહેર ગીર વિસ્તારનું એક મહત્ત્વનું કેન્દ્રબિંદુ છે. અહીં આંબરડી સફારી પાર્ક, જિલ્લાનો સૌથી મોટો ખોડિયાર ડેમ અને ગળધરા ખોડિયાર માતાજીનું મંદિર જેવા ધાર્મિક તથા પર્યટન સ્થળો આવેલા છે, જે સતત લોકોની અવરજવરનું કેન્દ્ર છે.



અહીંથી વેરાવળ અને જૂનાગઢ જતી મીટર ગેજ ટ્રેન વેપારીઓ, સ્થાનિક લોકો અને પ્રવાસીઓ માટે મુસાફરી સરળ બનાવતી હતી. ટ્રેન સેવા બંધ થતાં તમામ લોકોને ભારે હાલાકી પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, છ મહિના અગાઉ પણ ધારી શહેરના સ્થાનિક લોકો અને રાજકીય આગેવાનો દ્વારા રેલવે સ્ટેશન ફરી શરૂ કરવા માટે આંદોલન કરવામાં આવ્યું હતું, પરંતુ આજની તારીખે પણ તેમનો પ્રશ્ન યથાવત્ છે. હવે જોવાનું એ રહેશે કે સાંસદે આપેલ બાંહેધરી કેટલી જલ્દી પૂરી થાય છે.

**સાંસદે ટ્રેન સેવા શરૂ કરવાની બાંહેધરી આપી**

ધારીથી વેરાવળ અને જૂનાગઢ જતી મીટર ગેજ ટ્રેન સેવા શા માટે બંધ કરવામાં આવી, તે અંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા ખુલાસો આપવામાં આવ્યો છે. સાંસદે જણાવ્યું હતું કે અમરેલી બ્રોડગેજ રેલવેની કામગીરી ચાલી રહી હોવાથી રેલવે સ્ટેશન અને રેલવે સેવા બંધ કરવામાં આવી છે. જોકે, સાંસદ દ્વારા રેલવે અધિકારીઓ સાથે વાત કરવામાં આવી છે અને ટૂંકા સમયમાં ધારીથી સોમનાથ સુધીની ટ્રેન સેવા શરૂ કરી દેવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી છે.

# ધારીના દુધાળા નજીક પ્રતાપ દુધાત પર થયેલા હુમલાના કેસમાં પોલીસે બે ઈસમની અટકાયત કરી

ધારી,તા.૨૦

ધારી તાલુકાના દુધાળા ગામ નજીક કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત પર થયેલા હુમલાની ગંભીર ઘટના સંદર્ભે ધારી પોલીસ વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરીને બે ઈસમોની અટકાયત કરવામાં આવી





છે. ધારી પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલવા માટે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સનો ઉપયોગ કર્યો હતો, જેના આધારે હુમલો કરનાર બંને આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી છે. હાલમાં બંને આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

પોલીસ વિભાગ દ્વારા આ ઘટનાને લઈને કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચલાલામાં કાયદો-વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ દ્વારા ફુટ પેટ્રોલિંગ કરાયું

**પોલીસે દિવાળી દરમિયાન શાંતિ જાળવવા અપીલ કરી**

અમરેલી,તા.૨૦

ધારી તાલુકાના ચલાલા ખાતે સોમવારે પોલીસ સ્ટેશનના પીઆઈ જી.આર. વસૈયા દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દિવાળીના પવિત્ર તહેવાર



નિમિત્તે ચલાલાની મુખ્ય બજાર તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં આ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. શાંતિ, સલામતી અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું પીઆઈ વસૈયાએ લોકોને તહેવાર દરમિયાન શાંતિ જાળવવા અપીલ કરી હતી અને પોલીસની સતર્કતા પર ભાર મૂક્યો હતો. શહેરીજનોએ પણ પોલીસ સ્ટાફને દિવાળીની શુભકામના પાઠવી હતી.

સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્યો જે.વી. કાકડીયા, જનક તળાવીયા સહિતનાઓની હાજરી

# મંત્રી બન્યા બાદ પ્રથમ વખત કૌશિક વેકરીયા ચલાલા પહોંચ્યા

**ભીમનાથ મહાદેવ અને દાન મહારાજની જગ્યામાં દર્શન કરી ધન્યતા અનુભવી**

અમરેલી,તા.૨૦

અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને મંત્રી તરીકે પ્રમોશન મળ્યા બાદ તેઓ પ્રથમ વખત ચલાલા પધાર્યા હતા. આ પ્રસંગે ચલાલા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કૌશિકભાઈ વેકરીયાએ ચલાલા આવીને સૌપ્રથમ ભીમનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન કર્યા હતા અને ત્યારબાદ પૂજ્ય દાન મહારાજની જગ્યામાં દર્શન કરીને પૂજ્ય વલકુબાપુના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. રાજ્ય



મંત્રી વેકરીયાની સાથે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ચલાલા નગરપાલિકા પ્રમુખ ભઈલુભાઈ વાળા, પૂર્વ પ્રમુખ જયરાજભાઈ વાળા, ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, મનસુખભાઈ સાપરીયા, ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ કૌશિકભાઈ વેકરીયાનું ફૂલહારથી સ્વાગત અને સન્માન કર્યું હતું.

# ગ્રાહક કમિશનનો મહત્વપૂર્ણ ચુકાદો: સર્પદંશના કેસમાં વીમા કંપનીને ૧૧.૧૦ લાખ ચૂકવવા આદેશ

**વીમા પોલિસીમાં એક્સિડેન્ટલ મોત થયું હોવા છતાં દાવો નામંજૂર કર્યો હતો**

અમરેલી,તા.૨૦

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામના યુવકના પિતાએ કાર લોન સાથે લીધેલ વીમા પોલિસીનો ક્લેમ વીમા કંપનીએ અયોગ્ય રીતે રદ કર્યો હતો. તારીખ ૧૨/૦૧/૨૦૨૪ના રોજ યુવકના પિતાનું સર્પદંશથી અવસાન થયું હતું. વીમા પોલિસીમાં એક્સિડેન્ટલ ડેથ કવર થતું હોવા છતાં કંપનીએ ક્લેમ નામંજૂર કર્યો હતો. ત્યારબાદ યુવકે વકીલો શાદાબ મૂસાણી અને ઝુબેર ચૌહાણ મારફતે અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસ દાખલ કર્યો હતો. પુરાવાના અંતે, ઈન્ચાર્જ પ્રમુખ એ.પી. કંસારા અને સભ્ય અંજના ડી. ગોસાઈએ વીમા કંપનીને ૯% વાર્ષિક વ્યાજ સાથે રૂપિયા ૧૧,૧૦,૦૦૦ની વીમા રકમ ૩૦ દિવસમાં ચૂકવવાનો આદેશ આપ્યો છે. ગ્રાહક કમિશનનો આ ચુકાદો વીમાધારકો માટે રાહતરૂપ સાબિત થયો છે.

# ધારી-દલખાણીયા રોડ પરનો પુલ જે.વી. કાકડીયાના પ્રયાસોથી મંજૂર

અમરેલી,તા.૨૦

ધારી-દલખાણીયા રોડ પર આવેલો પીલુકીયા નદી પરનો બ્રિજ જોખમી બનતાં તેને વાહન વ્યવહાર માટે બંધ કરાયો હતો. આ મુદ્દે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. તેમની રજૂઆતને પગલે રાજ્ય સરકારે નદી પર નવો બ્રિજ બનાવવા માટે રૂ. ૬ કરોડની માતબર ગ્રાન્ટ મંજૂર કરી છે. જોખમી



બ્રિજના સ્થાને નવા બ્રિજ માટે ગ્રાન્ટ મંજૂર થતાં સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ છે, જે બદલ ધારાસભ્ય જે.વી. કાકડીયાનો આભાર માનવામાં આવ્યો છે.

સાંસદ ભરતભાઈ સુતરીયા કેન્દ્રમાં રજૂઆત કરે તેવી લોકોની અપેક્ષા

# વડીયાથી લાંબા અંતરની ટ્રેન શરૂ કરવા માટે મુસાફરોની માંગ ઉઠી

અમરેલી તા.૨૦

અમરેલી જિલ્લામાં કુંકાવાવ, લાઠીથી લઈ છેક વેરાવળ સુધી બ્રોડગેજ રેલવે લાઈન નાખવામાં આવી છે ત્યારે હવે આ રેલવે લાઈન પર લાંબા અંતરની ટ્રેન સેવા શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો લાંબા અંતરની ટ્રેન સેવા શરૂ થાય તો અમરેલી જિલ્લાના સુરત, અમદાવાદ અને બોમ્બે રહેતા લોકોને ફાયદો થઈ શકે તેમ છે. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા વેરાવળથી મુંબઈ, અમદાવાદ અને સુરત સહિત હરિદ્વાર ટ્રેન શરૂ કરવાની બાંહેધરી આપી હતી પરંતુ લોકસભાની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ આ




બાંહેધરી ભૂલી જવામાં આવતી હોય છે. બ્રોડગેજ રેલવે લાઈન પર વેરાવળથી લાંબા અંતરની વંદે ભારત ટ્રેન પણ શરૂ કરવાની ચૂંટણી ઢંઢેરામાં જાહેરાત કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી લાંબા અંતરની અઠવાડિક ટ્રેન જ શરૂ કરવામાં આવી છે તેથી દરરોજ લાંબા અંતરની ટ્રેન સેવા શરૂ થાય તો અમરેલી જિલ્લાના મુસાફરોને લાભ થઈ શકે તેમ છે.

વેરાવળથી અમદાવાદ, મુંબઈ, હરિદ્વાર સહિતની ટ્રેન શરૂ કરવાની તાતી જરૂરિયાત









**મહેશ કસવાળાના પ્રયત્નોથી નાવલી રિવરફ્રન્ટની ભેટ મળશે**

# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને સા.કુંડલામાં નાવલી ઉત્સવ યોજાયો

અમરેલી,તા.૨૦

સાવરકુંડલા ખાતે કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમિલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને રંગારંગ ''નાવલી ઉત્સવ'' યોજાયો હતો.

આ પ્રસંગે રાજ્ય મંત્રી વેકરીયાએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ પ્રથમ વખત સાવરકુંડલા શહેરમાં ઉજવાઈ રહેલો ''નાવલી ઉત્સવ'' એ વિકાસ સાથે વિરાસતના જતનનું પ્રતિક છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી સાવરકુંડલા શહેરને આગામી દિવસોમાં ભવ્ય નાવલી રિવરફ્રન્ટની ભેટ મળવા જઈ રહી છે. આ અવસરે રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સાવરકુંડલા સહિત જિલ્લાના નાગરિકોને દીપાવલી તેમજ નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલાકાર રાજ ગઢવી, અપેક્ષાબેન પંડ્યા, લોક સાહિત્યકાર કિશનભાઈ રાદડિયા સહિતના કલાકારોએ સંગીત અને સાહિત્યનો રસથાળ પીરસ્યો હતો. સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે કથાકાર, 'જીગ્નેશ દાદા રાધે રાધે' એ ઉપસ્થિત સૌને આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ધારી બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય જે.વી કાકડીયા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ જોડાયા હતા.






# બગસરાના હામાપુરથી કાગદડી ગામ જવાના રસ્તે સિંહોનું ટોળુ જોવા મળ્યું

**સિંહ પરિવાર રસ્તા પર ટહેલવા નીકળતા કેમેરામાં કેદ**

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યામાં વધારો થયો છે. સિંહો હવે પરિવાર સાથે જંગલ વિસ્તાર છોડી રેવન્યૂ વિસ્તારમાં પણ આંટાફેરા મારતા હોવાથી જંગલ વિસ્તારને અડીને આવેલા ગામડાઓના લોકોમાં ભયનો માહોલ છવાયો છે તો ઘણા વાહનચાલકોને સિંહદર્શનનો લાભ પણ મળે છે. બગસરા નજીક આવેલા હામાપુર ગામથી કાગદડી જવાના રસ્તે સિંહ પરિવાર જોવા મળ્યો હતો. જાણવા મળતી માહિતી મુજબ સિંહ બેલડી સામે બીજી એક સિંહ બેલડી આવી જતા થોડીવાર બંને વચ્ચે ઘર્ષણ પણ થયુ હતું. અત્રે નોંધનીય છે કે, હામાપુર વિસ્તારમાં સિંહોની સંખ્યા હોવાથી અનેક લોકો ગેરકાયદે સિંહદર્શન કરવા પણ આવી પહોંચે છે. હાલ તો હામાપુર-કાગદડી ગામ પાસે સિંહનું ટોળુ જોવા મળતા એક વાહનચાલકે આ ઘટનાને કેમેરામાં કેદ કરી હતી.



# શ્રવણ પ્રસાદ કેન્દ્ર અમરેલી દ્વારા ઝૂંપડપટ્ટીના બાળકોને કપડા વિતરણ

અમરેલી,તા.૨૦

શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલી દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકોને દિવાળીની ભેટ આપવામાં આવી હતી. પ્રકૃતિ એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ સંચાલિત શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલી દ્વારા દિવાળીના તહેવારો નિમિત્તે ઝૂંપડપટ્ટીના બાળકોને નવા કપડાંનું વિતરણ કરાયું હતું. ડેમ સાઈડ, બ્રાહ્મણ સોસાયટી પાછળના વિસ્તાર અને ફાટક પાસેના લગભગ ૩૫૦ જેટલા વંચિત બાળકોને નવા કપડાં મળતા તેમના ચહેરા પર ખુશી છલકાઈ હતી. પ્રથમ દિવસે ડો. ભરતભાઈ કાનાબાર, ભાવેશભાઈ સોઢા, ભીખુભાઈ અગ્રાવત, કિશોરભાઈ મિશ્રા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી બાળકોને કપડાં આપ્યા હતા.

આ સેવાયજ્ઞના દાતા યોગેશભાઈ લક્ષ્મીકાંતભાઈ માધાણી છે. બીજે દિવસે દિપેનભાઈ પરમારની હાજરીમાં વિતરણ થયું હતું.



**નવનિર્મિત ભવનાથ મહાદેવ મંદિરમાં ધારાસભ્ય દ્વારા રૂ. ૧,૨૧,૦૦૦નું દાન**

# રાજુલાના ભાક્ષી પ્રા. શાળાના નવા બિલ્ડિંગનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

રાજુલા,તા.૨૦

રાજુલા તાલુકાના ભાક્ષીમાં શાળા નંબર ૨ ખાતે રૂ. ૩૦ લાખના ખર્ચે નવા બનેલા પ્રાથમિક શાળાના બિલ્ડીંગનું તા.૨૦ના રોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નવનિર્મિત ભવનાથ મહાદેવ મંદિરમાં ધારાસભ્ય દ્વારા રૂ. ૧,૨૧,૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. મંદિરના પટાંગણમાં બ્લોક પેવિંગ માટે ધારાસભ્યએ ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી હતી. આ તકે દાદ બાપુ કાતર, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ ધીરજભાઈ પુરોહિત, શુકલભાઈ બલદાણીયા, ભાજપ અગ્રણી કનુભાઈ ધાખડા વાવેરા, પૂર્વ કારોબારી ચેરમેન ડો. હિતેશભાઈ હડિયા, તાલુકા ભાજપ પ્રમુખ ધીરજભાઈ નકુમ, કમલેશભાઈ મકવાણા, ભાક્ષીના સરપંચ મંગળુભાઈ ધાખડા, વાવેરા પૂર્વ સરપંચ બીસુભાઈ ધાખડા, પ્રજાપતિ સમાજ અગ્રણી માધુભાઈ છાપરી, દીપડીયા સરપંચ પ્રેમજીભાઈ શિયાળ, ભાક્ષીના ઉપસરપંચ જીલુભાઈ ભૂંકણ, અગ્રણી કાનભાઈ જાજડા, પૂર્વ સરપંચ ભનુભાઈ પાંડવ, વાવેરા કોળી સમાજ અગ્રણી ગોવિંદભાઈ સાંખટ, પ્રતાપભાઈ ધાખડા, ભાક્ષી પ્રાથમિક શાળા સ્ટાફ સહિત સ્થાનિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

**સરપંચો સહિત ગામ અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા**

**ગૌરક્ષનાથજીની મૂર્તિ ખંડિત કરનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ સાથે**

# સાવરકુંડલા તાલુકા સમસ્ત નાથજી સાધુ સમાજ સેવા ટ્રસ્ટે આવેદન પાઠવ્યું

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા તાલુકા સમસ્ત નાથજી સાધુ સમાજ સેવા ટ્રસ્ટે ગિરનાર પર્વત પર ગુરૂ ગૌરક્ષનાથજીની મૂર્તિ ખંડિત કરનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. ટ્રસ્ટે જણાવ્યું કે, આ કૃત્ય માત્ર મૂર્તિનો ભંગ નથી, પરંતુ સનાતન ધર્મના અનુયાયીઓની આસ્થા પર ઘાતક પ્રહાર છે. પોલીસે આ મામલે આરોપીઓને ઝડપી લીધા છે, ત્યારે તેમને સખત સજા થાય તેવી માંગ કરાઈ છે.



**અનુયાયીઓની આસ્થા પર ઘાતક પ્રહાર : સાધુ સમાજ સેવા ટ્રસ્ટ**

# ઠવી ગામે લોલ વાડી સામે જોગીદાસબાપુ ખુમાણનું સર્કલ બન્યું

અમરેલી,તા.૨૦

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામ ખાતે લોલ વાડી સામે જોગીદાસબાપુ ખુમાણનું સર્કલ બનાવવામાં આવ્યું છે, જેનું નિર્માણ ઠવી, વિરડી, નાળ, નેમિનાથ આશ્રમ અને શીર ખોડિયાર આશ્રમ વિગેરે સ્થળો માટે કરવામાં આવ્યું છે. આ લોલ વાડી સર્કલ ખાતે વાહનચાલકો અને રાહદારીઓની સુવિધા માટે દિશાસૂચક બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે.

આ બોર્ડ પર દરબાર રામબાપુ ખુમાણનું ઠવી, શીર ખોડિયાર આશ્રમ ઠવી, દરબાર વાલાબાપુ ખુમાણનું વિરડી ગામ, સંત નેમીનાથ બાપુ આશ્રમ વડલી મંદિર તેમજ નાળ, મોટા ભમોદ્રા, ભોકરવા ગામ તરફના રસ્તાઓની દિશા દર્શાવવામાં આવી છે. આ નવું સર્કલ અને દિશાસૂચક બોર્ડ સ્થાનિકો માટે મહત્વપૂર્ણ બનશે.




**અન્ય ગામો તરફ જવા માટે દિશાસૂચક બોર્ડ પણ લગાવવામાં આવ્યા**

# રાજુલા શહેરમાં પ્રથમવાર શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાનું આયોજન

રાજુલા,તા.૨૦

રાજુલા શહેરના ઈતિહાસમાં પ્રથમવાર શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજુલા અંબા માતાના મંદિરે મહિલા સત્સંગ મંડળ દ્વારા આયોજિત આ દિવ્ય કથાના વક્તા તરીકે સુપ્રસિદ્ધ કથાકાર હિતેશ દાદા જાખરા પોતાની અમૃતવાણી વરસાવશે. આ કથા માઁ અંબા મંદિર, શુભ અખેડા, બસ સ્ટેન્ડ સામે, રાજુલા ખાતે યોજાશે. કથાનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોર પછી ૩:૦૦ થી ૬:૦૦નો રાખ્યો છે. પૂજારી કનુભાપુ ગોંડલીયા તેમજ સર્વ ધર્મપ્રેમી જનતા દ્વારા કથા શ્રવણ માટે પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કથા દરમિયાન ભાવિકો માટે બંને ટાઈમ ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.















### ગામના મંદિરોમાં મંત્રી કૌશિક વેકરીયાએ શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા

# વતન દેવરાજીયા ગામે મંત્રી કૌશિક વેકરીયાનું ઢોલ-નગારાથી સ્વાગત

અમરેલી,તા.૨૦

અમરેલીના દેવરાજીયા ગામના વતની કૌશિકભાઈ વેકરીયાને રાજ્ય સરકારના મંત્રીમંડળના વિસ્તરણમાં ઊર્જા, પેટ્રોલિયમ અને કાયદા વિભાગના મંત્રી તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂક બાદ મંત્રી કૌશિકભાઈ વેકરીયા મોડી રાત્રે પોતાના વતન દેવરાજીયા ગામ પહોંચતા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામના લોકોએ ઢોલ-નગારા વગાડી તેમનું સામૈયું કર્યું હતું અને મહિલાઓએ ફૂલોથી તેમનું સ્વાગત કર્યું હતું, જેનાથી ગામમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો. મંત્રીએ રામજી મંદિર, સ્વામિનારાયણ મંદિર, મહાદેવ મંદિર અને નાનકડી





ડેરી સહિતના સ્થળોએ દર્શન કર્યા હતા. કૌશિકભાઈ વેકરીયાની રાજકીય કારકિર્દીની શરૂઆત દેવરાજીયા ગામના સરપંચ તરીકે થઈ હતી. ત્યારબાદ તેઓ ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ હોદ્દાઓ, જેમ કે અમરેલી માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર, તાલુકા ભાજપ મહામંત્રી, જિલ્લા ભાજપ મહામંત્રી અને જિલ્લા ભાજપ પ્રમુખ પદ પર સેવા આપી ચૂક્યા છે. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીને જંગી બહુમતીથી હરાવ્યા હતા. પ્રથમ ટર્મમાં જ તેમને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તરીકેની જવાબદારી મળી હતી. હવે મંત્રીમંડળમાં સ્થાન મળતા કાર્યકરોમાં સંતોષ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ આ ઐતિહાસિક પળની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

**મહિલાઓએ દુઃખણા લીધા, દીકરીઓએ સામૈયા કર્યા**

### વાંકીયા ગામના પાટીયા પાસે ઘટના બની

# વાહનની લાઈટના પ્રકાશથી અંજાઈ જતા અથડાઈ કાર પીપર સાથે એકનું મોત

ચલાલા, તા.૨૦

વાંકીયા ગામના પાટીયા પાસે વાહનની લાઈટના પ્રકાશથી અંજાઈ જતાં કારચાલકે કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે કાર પીપરના ઝાડ સાથે અથડાઈ હતી. ઘટનામાં એકનું મોત થયું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. આ ઘટનામાં કારચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કર્યું હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે ચલાલામાં જયસુખભાઈ રવજીભાઈ ખુંટ (ઉ.વ.૫૮) એ નવનીતભાઈ દલપતભાઈ દેવમુરારી (ઉ.વ.૪૫) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી કારચાલક તેની સ્વિફ્ટ ડિઝાયર કાર (નં. GJ ૦૩ CR ૯૧૬૦) હંકારી રહ્યો હતો. રાત્રિના સમયે સામેથી આવતા વાહનની લાઈટના પ્રકાશથી તે અંજાઈ ગયો હતો, જેના કારણે તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો.

કાબૂ ગુમાવતા કાર રોડની બાજુમાં આવેલા પીપળાના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં એકને માથાના ભાગે, છાતીના ભાગે તેમજ બંને પગે ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નિપજ્યું હતું. આ ઉપરાંત તેમને મુંઢ ઈજાઓ તેમજ નાની-મોટી ઈજાઓ થઈ હતી. પોલીસે અકસ્માત સર્જીને મોત નિપજાવનાર કારચાલક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા-અમરેલી રોડ પર અકસ્માત: કન્ટેનરની અડફેટે યુવકનું કરૂણ મોત

ચલાલા, તા. ૨૦

ચલાલા-અમરેલી રોડ પર એક ગમખ્વાર અકસ્માતમાં લોજિસ્ટિક્સમાં કન્ટેનરનો સર્વે કરતા એક યુવકનું મૃત્યુ થયું હતું. કથિત રીતે બેદરકારીપૂર્વક ટ્રક રિવર્સ લેવા બદલ તેના ડ્રાઈવર પંકજ કુમાર (રહે. ઉત્તર પ્રદેશ) વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, કન્ટેનર ટ્રક (રજિ. નં. GJ-૧૪-W-૨૮૬૧) નો ડ્રાઈવર આરોપી પંકજ કુમાર પોતાનો ટ્રક રિવર્સમાં લઈ રહ્યો હતો. આ સમયે તેણે કોઈપણ પ્રકારનું હોર્ન વગાડ્યું નહોતું કે ઈન્ડિકેટર પણ આપ્યું નહોતું. ફરિયાદમાં જણાવાયું છે કે, ડ્રાઈવરે જાણવા છતાં કે આ રીતે બેદરકારીપૂર્વક કન્ટેનર ટ્રક રિવર્સ લેવાથી પાછળ ઊભેલા કોઈ વ્યક્તિનું મૃત્યુ થઈ શકે છે, છતાં તેણે ટ્રક રિવર્સ ચલાવ્યો હતો. આ ટ્રકચાલકે ફરિયાદીના દીકરા શહજાદને અડફેટમાં લીધો હતો, જેના કારણે તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ અને તેનું મોત નિપજ્યું હતું. આ ઘટના બાદ પોલીસે આરોપી ટ્રક ડ્રાઈવર પંકજ કુમાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આગળની તપાસ ચાલુ છે.

મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.વી. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

**ટ્રક ડ્રાઇવર સામે સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ**

# ચલાલામાં બે વર્ષ પહેલા થયેલા મનદુઃખમાં યુવકને ઢીકાપાટુ માર્યા

ચલાલા, તા.૨૦

ચલાલામાં એક યુવકને બે વર્ષ પહેલા થયેલા મનદુઃખમાં ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે આસીફભાઈ આબીદભાઈ કુરેશી (ઉ.વ.૩૬)એ દિપકભાઈ રામભાઈ રાજગોર, ટીકુભાઈ, મીહિરભાઈ દિપકભાઈ રાજગોર, મયુરભાઈ દિપકભાઈ, ભાવેશભાઈ રામભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આ કામના આરોપીને તેમની સાથે આજથી બે વર્ષ પહેલા વાહન પાર્ક કરવા બાબતે તકરાર થઈ હતી. જે વાતનું મનદુઃખ રાખી મીહિરભાઈ દિપકભાઈ રાજગોર તેમની દુકાન સામે વોંકળામાં કચરો નાખવા જતા સમયે ગાળો બોલતા નીકળ્યા હતા. જે બાબતે તેમને ફોન કરી ઠપકો આપવાની વાત કરતા તેમની દુકાને આવી બોલાચાલી કરી શરીરે ઢીકાપાટુ વડે માર માર્યો હતો. ઉપરાંત હાથમાં પહેરેલ કડુ માથામાં મારી મુંઢ ઈજા કરી હતી. તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો અને ત્રણેય આરોપીએ ભેગા મળી ઢીકાપાટુ વડે માર માર્યો હતો. જતા જતા તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# દિવાળી પર અમરેલીમાં કાયદા-કાનૂન કથળ્યા : યુવકને જાહેરમાં છરીના ઘા માર્યા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં દિવાળીના પર્વ ટાણે સુરત, અમદાવાદ સહિત દેશમાં વસતા લોકો વતન પરત ફરી રહ્યા છે ત્યારે કાયદા-કાનૂનની સ્થિતિ કથળી હોય તેમ લાગે છે. અમરેલી શહેરમાં યુવકને જાહેરમાં છરીના ઘા મારવામાં આવ્યા હતા. જ્યારે હિંડોરણા ગામે યુવકને જીવતો સળગાવવાની કોશિશ કરવામાં આવી હતી. ગૌતમભાઈ ઉર્ફે શક્તિ મંગળુભાઈ વાળા (કાઠી), (ઉ.વ.૨૦)એ સાજીદ રજાકભાઈ ભટ્ટી, ગોવિંદ દાનાભાઈ ગમારા તથા ગોંડલવાળા જીદી નવાબ સામે ફરિયાદ નોંધાવી હતી. તેના મિત્ર જીગ્નેશભાઈ મકવાણા સાથે આરોપીને અગાઉની બોલાચાલીનું મનદુઃખ થયું હતું. જેના સમાધાન માટે તેમને ફોન કરી બોલાવ્યા હતા. જે બાદ તેમને તથા સાહેદને તમામ આરોપીઓએ એકસંપ કરી ગાળો આપી હતી તેમજ છરી લઈ સાહેદ પાછળ દોડતા તેઓ વચ્ચે પડ્યા હતા. તેમની સાથે ઝપાઝપી કરી હતી અને પેટના ભાગે છરીનો એક ઘા મારી ત્રણ-ચાર ઈંચ જેટલી ઈજા તથા આંતરડા ઉપર ગંભીર જીવલેણ ઈજા કરી પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર. ડી. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં મૂળ બિહારના ચંદનપુરાના વાલ્મીકિકુમાર રાજેન્દ્ર ઠાકુરે રાજુલાના શિવો વાલાભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો ટ્રક હિંડોરણા ગામે ચોકડી ઉપર આવેલા પેટ્રોલપંપ પર ઉભો રાખ્યો હતો. તેઓ કેબિનમાં હોવા છતાં તેમને જીવતો સળગાવી મારી નાખવાના ઈરાદે ટ્રક ઉપર પેટ્રોલ છાંટી ટ્રક સળગાવી દઈ તેમને જાનથી મારવાની કોશિશ કરી હતી. તેમજ પેટ પર પાટુ મારી બેફામ ગાળો આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી. ચાવડા બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

**હિંડોરણા ગામે યુવકને જીવતો સળગાવવાની કોશિશ**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અમાસ
તા. ૨૧-૧૦-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૨૫, સૂર્યાસ્ત-૦૫:૪૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

**તા.૨૧-૧૦-૨૦૨૫ — મંગળવાર**

- મેષ: આજનો દિવસ તમારા માટે સારો છે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઇ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.
- વૃષભ: આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. આજે તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે.
- મિથુન: આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.
- કર્ક: આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.
- સિંહ: તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છે. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો.
- કન્યા: તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી.
- તુલા: આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે.
- વૃશ્ચિક: આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે.
- ધન: આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.
- મકર: કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી.
- કુંભ: લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે.
- મીન: આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.

# લીલીયા મોટા ખાતે તાલુકા કોંગ્રેસની બેઠક મળી

અમરેલી,તા.૨૦

લીલીયા મોટા જલારામ મંદિર ખાતે લીલીયા તાલુકા કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં સંગઠન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરથી નિરીક્ષકો તરીકે લલિતભાઈ વસોયા, દિનેશભાઈ મકવાણા હાજર રહ્યા હતા. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, ડી.કે. રૈયાણી, અર્જુનભાઈ સોસા, શાંતિલાલ રાણવા, મનીષભાઈ ભંડેરી, સંદીપભાઈ પંડ્યા, વલ્લભભાઈ ઝિંઝુવાડીયા, રમેશભાઈ ગોહિલ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સૌપ્રથમ સૌનું સ્વાગત તેમજ પ્રવચન તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માળવિયાએ કર્યું હતું.



ત્યારબાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે પ્રવચન કર્યું અને ઠાકરશીભાઈ મેતલીયાએ કોંગ્રેસના કામોની ચર્ચા કરી હતી.

આ તકે નિરીક્ષક દિનેશભાઈ મકવાણા, લલિતભાઈ વસોયાએ સંગઠન વિશે ચર્ચા તેમજ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદીએ કોંગ્રેસ સમિતિ દ્વારા બે ઠરાવ રજૂ કરાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલામાંથી દારૂની છ બોટલ ઝડપાઈ

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલામાંથી પોલીસે દારૂની છ બોટલ સાથે યુવકને ઝડપી પાડ્યો હતો. હાથસણી રોડ પર આવેલી આસોપાલવ સોસાયટીમાંથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની નાની મોટી છ બોટલ સહિત ૩૦૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# લીલીયાના શાંતિધામ આશ્રમમાં ૭ મહિનાથી અંધારપટથી ભાવિકોમાં રોષ

અમરેલી,તા.૨૦

લીલીયા પંથકના સનાળીયા, ખારા, કુતાણા નજીક ગાગડીયો નદી પાસે શાંતિધામ આશ્રમમાં વીજપોલ પડી જતાં પાછલા સાત મહિનાથી વીજ પુરવઠો ખોરવાયો છે. સિંહ-દીપડાની અવરજવર અને મોટી સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓ તેમજ સંતોને ભારે મુશ્કેલી પડી રહી છે.



આશ્રમના સેવકોની વારંવારની માંગ છતાં PGVCL દ્વારા વીજ પુરવઠો કાર્યરત ન થતાં સ્થાનિકોએ ઉગ્ર માંગ કરી છે. AAPના વિજયભાઈ વિરાણીએ કાર્યકરો સાથે PGVCL કચેરીએ દોડી જઈ તાકીદે નવા પોલ નાખી વીજળી ચાલુ કરવા માંગણી કરી હતી. PGVCL નાયબ કાર્યપાલક ઈજનેર દેવમુરારીએ જણાવ્યું હતું કે સનાળીયા ફીડર લાઈનમાંથી આશ્રમમાં વીજ પુરવઠો જતો હતો. ગાગડીયો નજીક વીજપોલ પડી જતા હવે બોડીયા નજીકના ફીડરમાંથી આશ્રમમાં વીજ પુરવઠો ફાળવવા કામગીરી હાથ ધરી હોવાથી થોડા દિવસોમાં વીજ પુરવઠો કાર્યરત થઈ જશે.

**ટૂંક સમયમાં વીજ પુરવઠો કાર્યરત થઈ જશે તેવી વીજ અધિકારીની ખાતરી**

### યુવકના મોતના પગલે ગામમાં શોકનો માહોલ

# અમરેલી તાલુકાના લાલાવદર ગામે ઈલેક્ટ્રિક શોર્ટ લાગતાં યુવકનું મોત

**મૃતક થ્રેસરમાં માંડવી ઓરતો હતો**

અમરેલી, તા.૨૦

અમરેલીના લાલાવદર ગામે થ્રેસરમાં માંડવી ઓરતી વખતે ઈલેક્ટ્રિક શોર્ટ લાગતાં એક યુવકનું મોત થયું હતું. બનાવ અંગે કાંતીભાઈ મગજીભાઈ કટારા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, વલ્લભભાઈ ગૌતમભાઈ કટારા થ્રેસરમાં માંડવી ઓરતા હતા. તે સમયે ઈલેક્ટ્રિક શોર્ટ લાગતાં મરણ પામ્યા હતા. યુવકના મોતના પગલે ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે. લુણસાપુર ગામે એક પરિણીતાએ ગળાફાંસો ખાઈ લેતાં સારવાર અર્થે ખસેડવામાં આવી હોવાનું પોલીસમાં જાહેર થયું હતું.

તંત્રી લેખ

# ભારત વિકાસના પંથે અગ્રેસર

આત્મનિર્ભરતાથી વૈશ્વિક નેતૃત્વ સુધી નવું વર્ષ હંમેશા નવા આશાવાદ, નવી તકો અને નવા સંકલ્પો લઈને આવે છે. આ નૂતન વર્ષ ભારત માટે માત્ર કેલેન્ડર પરિવર્તન નથી, પરંતુ એક નવા યુગનો ઉદય છે — આત્મનિર્ભરતા, મજબૂત આર્થિક ઉન્નતિ અને વૈશ્વિક પ્રતિષ્ઠાનો યુગ. વિશ્વ આજે ભારતને માત્ર એક વિકસતી અર્થવ્યવસ્થા તરીકે જ નહીં, પરંતુ એક સ્થિર, આત્મવિશ્વાસુ અને દિશાદર્શક રાષ્ટ્ર તરીકે ઓળખી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય રિપોર્ટ્સ સૂચવે છે કે ભારત હવે એ સ્તરે પહોંચી ગયું છે જ્યાં તેની આર્થિક ગતિ ચીન કરતાં પણ આગળ વધવાની ક્ષમતા ધરાવે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, રક્ષા અને ઊર્જા ક્ષેત્રમાં ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં જે પ્રદર્શન કર્યું છે, તે વિશ્વ માટે આશ્ચર્યજનક છે. સ્વતંત્ર નીતિ અને સૈન્ય સામર્થ્ય, એક મજબૂત રાષ્ટ્રનો આધાર છે. તાજેતરના વર્ષોમાં વૈશ્વિક રાજનીતિમાં ભારતે પોતાનું સ્થાન સંપૂર્ણપણે સ્વતંત્ર રીતે નિર્ધારિત કર્યું છે. કોઈપણ મોટી શક્તિના દબાણ સામે ન ઝૂકી, ભારતે હંમેશા પોતાના રાષ્ટ્રીય હિતમાં નિર્ણયો લીધા છે. અમેરિકાના રાજકીય દબાણ અને વિદેશી પ્રચારને ભારતે ગંભીરતાપૂર્વક નકારી કાઢ્યો અને તથ્ય-આધારિત સ્પષ્ટતાઓથી જવાબ આપ્યો. પરિણામે, વિશ્વ સમક્ષ ભારત આજે એક સ્વતંત્ર, સ્વાભિમાની રાષ્ટ્ર તરીકે ઊભું થયું છે, જે કોઈની નકલ કરતું નથી પરંતુ પોતાના રાષ્ટ્રીય હિતો અને નૈતિક મૂલ્યો પર અડગ રહે છે. આ વલણ ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે 'સ્વતંત્ર અને નિર્ભર ભારત' તરીકેની નવી ઓળખ આપે છે. હવે વૈશ્વિક નીતિઓમાં ભારતની સંમતિ વગર કોઈ મોટો નિર્ણય શક્ય નથી. રક્ષા ક્ષેત્રે થયેલા ક્રાંતિકારી સુધારાઓને કારણે ભારત આજે વિશ્વની ટોચની સૈન્ય શક્તિઓમાંથી એક છે. સ્વદેશી સૈન્ય તકનીક, મિસાઈલ સિસ્ટમ અને ડિફેન્સ ઈન્ડસ્ટ્રીના વિસ્તરણથી ભારતે સાબિત કર્યું છે કે તે ફક્ત આયાત પર આધારિત રહેવાને બદલે સંશોધન અને ઉત્પાદન દ્વારા આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. પાકિસ્તાન સાથેના તાજેતરના સરહદી તણાવમાં પણ ભારતે પોતાની રાજદ્વારી અને સૈન્ય મજબૂતીનું પ્રમાણ આપ્યું છે, જેનાથી દેશની અંદર અને બહાર આત્મવિશ્વાસનો માહોલ ઊભો થયો છે. આર્થિક સુધારણાની ગતિ ઝડપી બની છે. ભારતની અર્થવ્યવસ્થા છેલ્લા દાયકામાં નોંધપાત્ર રીતે વિકસી છે. ઉદ્યોગ, સેવા અને ટેક્નોલોજી ક્ષેત્રની વૃદ્ધિએ દેશને નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે. સ્ટાર્ટઅપ્સ, ફિનટેક, કૃષિ ટેક, હેલ્થટેક અને શિક્ષણ ટેક્નોલોજી ક્ષેત્રે નવી ઉદ્યોગપતિ પેઢીએ અમાપ સંભાવનાઓ સર્જી છે. ભારતમાં કરોડપતિઓની સંખ્યા વધી રહી છે, પરંતુ સાથે જ આર્થિક સંતુલન જાળવવાનો પ્રયત્ન પણ યથાવત છે. મધ્યમ વર્ગની આવક-સ્તરમાં સુધારો થયો છે, અને ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. ગામડાઓ સુધી ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહોંચવાથી નવી રોજગારીના દ્વાર ખુલ્યા છે. રોજગારી અને યુવાનોની શક્તિ : ભારતની સૌથી મોટી તાકાત તેની યુવા વસ્તી છે, જેને 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ' તરીકે ઓળખવામાં આવે છે. આ વાસ્તવિકતા હવે આર્થિક શક્તિ બની રહી છે. 'સ્કિલ ડેવલપમેન્ટ', 'ડિજિટલ લર્નિંગ' અને 'સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ'ના માધ્યમથી કરોડો યુવાનોને નવો માર્ગ મળ્યો છે.

# પુષ્પ - ૪



ડૉ. હેડગેવારજી દ્વારા ઈ.સ. ૧૯૨૫ માં સ્થપાયેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખાઓ ક્રમશઃ દિનપ્રતિદિન વધતી અને વિસ્તરતી રહી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પ્રતિવર્ષ વિજયાદશમીના વાર્ષિક સમારંભમાં ડૉ. હેડગેવારજી દ્વારા અમૂલ્ય માર્ગદર્શન મળતું રહ્યું. ઈ.સ.૧૯૩૮ માં વાર્ષિક સમારંભમાં બોલતા ડૉ. હેડગેવારજીએ કહ્યું હતું કે,"રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક એવું સંગઠન છે જે સમગ્ર રાષ્ટ્રને એક તાંતણે બાંધે છે. તેમનું અસ્તિત્વ રાષ્ટ્રની નબળાઈને દૂર કરશે. કેટલાક લોકો આ પ્રશ્ન ઉઠાવે છે કે - જ્યારે સંઘ ફક્ત હિન્દુઓ માટે છે અને હિન્દુઓને સંગઠિત કરે છે, તો તેને રાષ્ટ્રીય કેવી રીતે કહી શકાય ? મને ખાતરી છે કે બુદ્ધિશાળી લોકો આવું નહીં કહે. ભારત હિન્દુઓનું રાષ્ટ્ર છે તેથી દેશમાં ફક્ત તે જ સંસ્થાઓ રાષ્ટ્રીય હોવાનો દાવો કરી શકે છે જે હિન્દુઓના હિત માટે કાર્ય કરે છે. જો કોઈ હિંદુત્વનો અસ્વીકાર કરીને નવો રાષ્ટ્રવાદ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે તો તે તેની ભૂલ છે. આ ક્યારેય ન થઈ શકે. ભારત ભારત જ રહેશે. આ સૌથી પવિત્ર અને પ્રિય રાષ્ટ્રના ઉત્થાન માટે જરૂરી તાકાતનું નિર્માણ કરીને સંઘ આગળ વધી રહ્યો છે અને અમને વિશ્વાસ છે કે પૂર્વજોના આશીર્વાદ અને તમારા પ્રેમ અને સહકારથી સંઘ ટૂંક સમયમાં રાષ્ટ્રવ્યાપી બનશે."

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆતથી લઈને અત્યાર સુધી મક્કમ ડગલે આગળ વધતા આ સંગઠનને ડૉ. હેડગેવારજીએ હિન્દુ સંગઠનનો બીજ મંત્ર આપ્યો હતો. હિન્દુ સમાજનું સંગઠન અને રાષ્ટ્રવાદનું પુનરુત્થાન - સંઘ આ બે સિદ્ધાંતોના આધારે કાર્ય કરે છે. ડૉ. હેડગેવારજીએ લગભગ ૧૫ વર્ષ સુધી સંઘના સરસંઘચાલક તરીકે સેવા આપી. તેમણે નાગપુરની બહાર સંઘનો વિસ્તાર કર્યો. સંઘની શાખાઓ અન્ય પ્રાંતોમાં શરૂ થઈ. ઈ.સ.૧૯૪૦ માં સંઘ શિક્ષા વર્ગમાં તેમણે અખંડ ભારતના લઘુ સ્વરૂપનો અનુભવ કર્યો. તેમણે સંઘ મંત્રથી પ્રભાવિત હિન્દુ સમાજને જોયો. ડૉ. હેડગેવારજીનો હિન્દુ રાષ્ટ્રનો અનુભવ અનુભવાત્મક હતો. તેથી જ ડૉ. હેડગેવારજીના શબ્દોમાં મંત્રની શક્તિ હતી. જેમ આપણા ઋષિઓ અને સંતોએ ઉગ્ર તપસ્યા કરીને શબ્દોને શક્તિ આપી તેવી જ રીતે ડૉ. હેડગેવારજીએ હિન્દુ શબ્દને મંત્રતત્વોથી ભરી દીધો અને હિન્દુ, હિંદુ સમાજ અને હિન્દુ રાષ્ટ્ર - આ ત્રણ શબ્દોના આધારે હિન્દુ સમાજનું સંગઠન કરવા માટે ડૉ. હેડગેવારજીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆત કરી હતી. જેમ શાલીવાહને માટીની ઢીંગલીઓમાં પ્રાણ ફૂંકીને વિદેશી આક્રમણનો અંત લાવ્યો હતો તેવી જ રીતે ડૉ. હેડગેવારજીએ નબળા અને લાચાર હિંદુ સમાજને જાગૃત્ત કરવા માટે સંઘ મંત્રનો વિકાસ કર્યો હતો અને એના લીધે પરિણામ એ આવ્યું કે........ (૧) હિન્દુ સમાજને તેના અસ્તિત્વનો અહેસાસ થયો.,(૨) સમાજના સંગઠનમાં આપણી સંસ્કૃતિ, પરંપરાઓ અને રિવાજોના યોગદાનની શોધખોળ શરૂ કરી. એક રીતે પોતાની મૂળ શોધવાની પ્રકૃતિ પ્રક્રિયા શરૂ થઈ., (૩) આપણને ખ્યાલ આવવા લાગ્યો કે આપણો સાંસ્કૃતિક વારસો શું છે અને સમય જતા તે કેવી રીતે ખોવાઈ રહ્યો છે., (૪) આપણને ખ્યાલ આવ્યો કે આપણે ભારતમાતાના પુત્રો છીએ અને એકબીજાના ભાઈઓ છીએ.

ડૉ. હેડગેવારજીએ ઈ.સ. ૧૯૨૫ માં સંઘની શરૂઆત કરી હતી. આજે ઘણી બધી પેઢીઓ તેમણે બતાવેલા માર્ગ પર પણ કામ કરી રહી છે એટલું જ નહી પણ એ તેમના દ્વારા કહેવામાં આવેલા સંઘ મંત્રથી પ્રભાવિત પણ થઈ રહી છે. "આપણે હિન્દુ સમાજનું સંગઠન કરી રહ્યા છીએ" આ નાના વાક્યમાં છુપાયેલી પ્રચંડ ગતિશીલતાને અમલમાં મૂકવા માટે હજારો કાર્યકર્તા આજે તન, મન અને ધનથી કામ કરી રહ્યા છે. આ ડૉ. હેડગેવારજીના સંઘ મંત્રની શક્તિ છે.ડૉ. હેડગેવારજીના સંઘ મંત્રથી અનેક લોકો પ્રભાવિત થતા રહ્યા. કાશી યુનિવર્સિટીમાં પ્રાણીશાસ્ત્ર ભણાવતા માધવ સદાશિવ ગોળવલકર ઉર્ફે શ્રી ગુરુજી ઈ.સ.૧૯૩૪ ની આસપાસ ડૉ. હેડગેવારજીને મળ્યા અને સંઘમાં જોડાયા. ઈ.સ.૧૯૩૮ માં શ્રી ગુરુજીએ સંઘ શિક્ષા વર્ગના સર્વાધિકારી તરીકે કાર્યભાર સંભાળ્યો. ડૉ. હેડગેવારજીએ શ્રી ગુરુજીની પ્રતિભા અને સમર્પણ ભાવનાને પારખીને ઓગસ્ટ ૧૯૩૯ માં શ્રી ગુરુજીને સંઘના સર કાર્યવાહ તરીકે પસંદ કર્યા. ઈ.સ. ૧૯૪૦ ની ૨૧ મી જૂનના રોજ ડૉ. હેડગેવારજીનું અવસાન થયું અને ડૉ. હેડગેવારજીની ઈચ્છા મુજબ શ્રી ગુરુજી સંઘના નવા સરસંઘચાલક બન્યા. આ રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના બીજા સરસંઘચાલક તરીકેની જવાબદારી શ્રી ગુરુજીના ખભા પર આવી. સરસંઘચાલક તરીકેના પોતાના પહેલા ભાષણમાં શ્રી ગુરુજીએ કહ્યું કે, "જે વ્યક્તિ ડૉ. હેડગેવારજી જેવા મહાન વ્યક્તિત્વ સામે નમી શકતો નથી તે જીવનમાં કંઈ કરી શકતો નથી. મને તેમની પૂજા કરવામાં ગર્વની અનુભૂતિ થાય છે. ખરી પૂજા એ છે કે આપણે જેમની પૂજા કરીએ છીએ તેમના ગુણો અપનાવવાનો પ્રયાસ કરીએ. "શિવો ભૂત્વા શિવમ્ યજેત". આપણો ધર્મ શીખવે છે કે, શિવની પૂજા કરતી વખતે શિવ બનીને પૂજા કરો. સરસંઘચાલકનું પદ વિક્રમાદિત્યના સિંહાસન જેવું છે. તે સિંહાસન પર બેસીને ગોવાળના દીકરાએ પણ યોગ્ય ન્યાય આપ્યો. ડૉ. હેડગેવારજીએ આ પદને વિક્રમાદિત્યના સિંહાસનના સ્તર સુધી ઊંચું કર્યું છે. મારા જેવા સામાન્ય માણસને આ પદ પર બેસવાનો અવસર મળ્યો છે. મને ખાતરી છે કે ડૉ. હેડગેવારજી મને જે યોગ્ય હશે તે કહેવા અને કરવા માટે પ્રેરિત કરશે." ડૉ. હેડગેવારજીએ સંઘ શરૂ કર્યાને માત્ર ૧૫ વર્ષ થયા હતા અને તેમનું અવસાન થયું, પરંતુ આ ૧૫ વર્ષોમાં સંઘના વિચારો ચોતરફ ફેલાઈ ગયા હતા. સંઘની શાખાઓ વિવિધ રાજ્યોમાં શરૂ થઈ હતી. ઘણા સમાજકલ્યાણ ઈચ્છતા મહાનુભાવો સંઘના શુભેચ્છક બન્યા. તેઓ સંઘના કામમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરતા હતા. સ્વતંત્રતા આંદોલન પુરજોશમાં ચાલી રહ્યું હતું. ડૉ. હેડગેવારજી પોતે પણ જે તે સમયે આ આંદોલનમાં સામેલ હતા. પરંતુ તેમણે સંઘના વિસ્તાર અને વૃદ્ધિ તરફ વધુ ધ્યાન આપ્યું. જ્યારે શ્રી ગુરુજીએ સંઘના બીજા સરસંઘચાલક તરીકેની જવાબદારીઓ સંભાળી ત્યારે તેમણે ડૉ. હેડગેવારજી દ્વારા બતાવેલા માર્ગ પર ચાલીને પોતાની યાત્રા શરૂ કરી. ઈ.સ.૧૯૪૨ માં 'ભારત છોડો' આંદોલન શરૂ થયું હતું. આ તે સમય હતો જ્યારે શ્રી ગુરુજીએ સંઘમાં પૂર્ણ - સમય પ્રચારકની વિભાવનાને લોકપ્રિય બનાવી હતી. ઘણા યુવાનો સંઘના પ્રચારક તરીકે વિવિધ સ્થળોએ જવા લાગ્યા અને સંઘનું કાર્ય કરવા લાગ્યા. સંઘના વિસ્તરણના કાર્યને વેગ પણ મળ્યો. દેશના ભાગલા તથા દેશની સ્વતંત્રતા જેવા દુઃખદ અને સુખદ સમયમાં સંઘ પોતાની શ્રેષ્ઠ ક્ષમતાથી કામ કરી રહ્યો હતો. શ્રી ગુરુજીના નેતૃત્વ હેઠળ ભાગલા સમયે જેઓ ભારત આવ્યા હતા તે બંધુઓની સ્વયંસેવકો દરેક શક્ય રીતે મદદ કરી રહ્યા હતા. ભાગલાનું દુઃખ કંઈક અંશે ઓછું થયું હતું ત્યાં તો દિલ્હીમાં મહાત્મા ગાંધીજીની હત્યા થઈ. સંગઠન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. શ્રી ગુરુજીને પકડી લેવામાં આવ્યા. આ અગ્નિમાંથી સંઘ સુરક્ષિત રીતે બહાર આવ્યો. વધુમાં રાષ્ટ્રીય સમસ્યા, આંતરરાષ્ટ્રીય સમસ્યા, જાતિવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ વગેરે ઘણી સમસ્યાઓએ સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. શ્રી ગુરુજીએ વિજયાદશમીના બૌદ્ધિક દરમિયાન સંઘ મંત્રના આધારે આ સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય એનું માર્ગદર્શન પણ આપ્યું હતું. ડૉ. હેડગેવારજીએ સંઘની પૃષ્ઠભૂમિ તૈયાર કરીને સંઘ વિચારધારાનું બીજ રોપ્યું હતું અને શ્રી ગુરુજીએ સંઘ બીજનું પોષણ અને રક્ષણ કર્યું. પરિણામે તે બીજમાં નવા અંકુર ફૂટ્યા.

**વિચારપૂંજ**

**સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)**

# દિવાળીના શુભ પર્વ પર સોના-ચાંદીના ભાવમાં ધરખમ ઘટાડો

મુંબઈ,તા.૨૦

દિવાળીના શુભ પર્વની ઉત્સાહભેર ઉજવણી વચ્ચે સોના-ચાંદીની ખરીદી કરવા ઈચ્છુક લોકો માટે સારા સમાચાર આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં સોના અને ચાંદી બંનેના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ચાંદી ૧૭,૦૦૦ રૂપિયા સસ્તી થઈ છે, જ્યારે સોનાની કિંમતમાં ૫,૦૦૦ રૂપિયાથી વધુનો ઘટાડો નોંધાયો છે. જેના કારણે આ તહેવારોમાં ખરીદીની શાનદાર તક ઊભી થઈ છે. અહેવાલો અનુસાર, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (MCX) પર ૧૬મી ઓક્ટોબરના રોજ ચાંદીનો ભાવ ૧ લાખ ૭૦ હજાર રૂપિયાને વટાવી ગયો હતો, પરંતુ ૨૦મી ઓક્ટોબરે તે ઘટીને ૧ લાખ ૫૩ હજાર રૂપિયા થઈ ગયો હતો. આનો અર્થ એ થયો કે ભાવ તેના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૧૭,૦૦૦ રૂપિયા ઘટી ગયો. તે દિવસે ચાંદીનો ભાવ પ્રતિ કિલો આશરે ૪ હજાર રૂપિયા ઘટ્યો. MCX પર સોનાની વાત કરીએ તો ૧૬મી ઓક્ટોબરના રોજ સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧,૩૨,૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયું હતું, પરંતુ ૨૦મી ઓક્ટોબરે તે ૧ લાખ ૨૬ હજાર રૂપિયાની ઉપર ટ્રેડ કરી રહ્યું હતું. આનો અર્થ એ થયો કે સોનાનો ભાવ તેના રેકોર્ડ ઊંચા ભાવથી ૫ હજાર રૂપિયાથી વધુ ઘટી ગયો. જો કે, સોમવારે તેના ભાવમાં થોડો વધારો જોવા મળી રહ્યો છે. ભારતીય બુલિયન માર્કેટ (IBJA) માં સોનાના ભાવમાં અચાનક ઘટાડો જોવા મળ્યો છે. ૧૭મી ઓક્ટોબરે ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૩૦,૮૩૪ રૂપિયા હતો, પરંતુ ૨૦મી ઓક્ટોબરે તે ઘટીને ૧,૨૬,૭૩૦ રૂપિયા થઈ ગયો છે. આ ૨૪ કેરેટ સોનાના ભાવમાં ૪,૦૦૦ રૂપિયાનો ઘટાડો દર્શાવે છે. નોંધનીય છે કે, IBJA પર સોનાના દર ૧૭મી ઓક્ટોબરથી અપડેટ કરવામાં આવ્યા છે. જ્યારે ૨૩ કેરેટ સોનું ૪,૦૦૦ રૂપિયા ઘટીને ૧,૨૬,૨૨૩ રૂપિયા થયું છે. ૨૨ કેરેટ સોનું સોમવારે ૩,૦૦૦ રૂપિયાથી વધુ ઘટીને ૧,૧૬,૦૮૫ રૂપિયામાં ઉપલબ્ધ છે. ૧૮ કેરેટ સોનું ૩,૦૦૦ રૂપિયા ઘટીને ૯૫,૦૪૮ રૂપિયામાં ઉપલબ્ધ છે.

# ક્રુડ તેલના આયાત બિલમાં ભારતને ચાલુ વર્ષે ૧૫ ટકાનો થયો ફાયદો

મુંબઈ,તા.૨૦





ક્રુડ તેલના આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડા ઉપરાંત રશિયા ખાતેથી સસ્તા ભાવે પૂરવઠાને પરિણામે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશનું ક્રુડ તેલનું આયાત બિલ વાર્ષિક ધોરણે ૧૪.૭૦ ટકા નીચું રહી ૬૦.૭૦ અબજ ડોલર રહ્યું છે. ગયા નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં આ આંક ૭૧.૨૦ અબજ ડોલર રહ્યો હતો એમ પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા જણાવે છે. ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ અને સાથી દેશો દ્વારા ક્રુડ તેલના પૂરવઠામાં વધારાને કારણે ભાવ નીચા જોવા મળી રહ્યા છે. વર્તમાન નાણાં વર્ષના પાછલા છ મહિનાના પ્રારંભિક મહિના એટલે કે ઓકટોબરમાં પણ ભાવ નોધપાત્ર ઘટી પ્રતિ બેરલ ૬૨ ડોલરની અંદર સરકી ગયા છે, તેનો પણ ભારતને લાભ મળી રહેશે.

# ભારતીય શેરબજારમાં સેન્સેક્સમાં ૬૮૦ અને નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ,તા.૨૦


સમગ્ર દેશની સાથે ભારતીય શેરબજાર પણ દિવાળીના જશ્નમાં ડૂબેલું જોવા મળી રહ્યું છે. બજારમાં રોકાણકારો માટે શાનદાર માહોલ બન્યો છે. નિફ્ટી લગભગ ૨૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૯૦૦ના સ્તરે કારોબાર કરી રહ્યો છે, જ્યારે સેન્સેક્સમાં ૬૮૦ પોઈન્ટનો જબરદસ્ત ઉછાળો આવ્યો છે. બેન્ક નિફ્ટીમાં પણ લગભગ ૪૦૦ પોઈન્ટની તેજી જોવા મળી રહી છે. સોમવારે બજારમાં ચારેબાજુ ખરીદીનો માહોલ છે. BSEના ટોચના ૩૦ શેરોમાંથી માત્ર ૫ શેરોમાં જ ઘટાડો છે, જ્યારે બાકીના તમામ શેરો તેજી સાથે કારોબાર કરી રહ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સૌથી વધુ ૨.૮૩%નો ઉછાળો જોવા મળ્યો છે અને તે ૧૪૫૭ રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે. આ સિવાય કોટક મહિન્દ્રા, એક્સિસ બેન્ક, ભારતી એરટેલ, ઈન્ફોસિસ અને બજાજ ફિનસર્વ જેવા દિગ્ગજ શેરોમાં પણ લગભગ ૨%ની તેજી છે. જોકે, ICICI બેન્કના શેરમાં લગભગ ૨%નો ઘટાડો નોંધાયો છે. સેક્ટરની વાત કરીએ તો, સોમવારે મેટલ સેક્ટરને બાદ કરતાં FMCG, ઓટો, આઈટી, મીડિયા, PSU બેન્ક, પ્રાઈવેટ બેન્ક અને ફાઈનાન્શિયલ જેવા તમામ સેક્ટરમાં લગભગ ૧% સુધીનો ઉછાળો જોવા મળ્યો છે. સોમવારના બજારના હીરો બેન્કિંગ શેરો રહ્યા છે. ડીસીબી બેન્કના શેરમાં ૧૧%નો જોરદાર ઉછાળો આવ્યો છે, જ્યારે સાઉથ ઈન્ડિયા બેન્કના શેરમાં ૧૦% અને એયુ સ્મોલ ફાઈનાન્સ બેન્કના શેરમાં ૭%ની તેજી જોવા મળી છે. આ ઉપરાંત, જિયો ફાઈનાન્શિયલ બેન્ક, અદાણી પાવર અને કેનેરા બેન્કના શેરોમાં પણ રોકાણકારોએ સારી ખરીદી કરી છે. કુલ મળીને, દિવાળીના દિવસે બેન્કિંગ સ્ટોક્સે રોકાણકારોને ખુશ કરી દીધા છે.

# મીશોને IPO માટે સેબીની મંજૂરી મળી

મુંબઈ,તા.૨૦

કોમર્સ પ્લેટફોર્મ મીશોને તેના ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO) માટે સેબીની મંજૂરી મળી ગઈ છે. મીશોએ IPO માટે તેનું અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (UDRHP) સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ને સુપરત કર્યું છે. મીશો નવા શેર ઈશ્યૂ દ્વારા આશરે ૪૮૦ મિલિયન ડોલર (રૂ.૪,૨૨૧ કરોડ) એકત્ર કરશે. વધુમાં, ૩૦૦ મિલિયન ડોલર (રૂ.૨,૬૩૮ કરોડ) મૂલ્યના શેર ઓફર ફોર સેલ (OFS) દ્વારા વેચવામાં આવશે. કુલ IPO નું કદ ૮૦૦ મિલિયન ડોલર રૂ.૭,૦૩૬ કરોડ) હશે. કંપની આ ભંડોળનો ઉપયોગ ટેકનોલોજી અપગ્રેડ, બ્રાન્ડ બિલ્ડીંગ અને સામાન્ય કોર્પોરેટ ખર્ચ માટે કરશે. બુકબિલ્ડિંગ પ્રક્રિયા ૩૦-૪૫ દિવસ સુધી ચાલુ રહેશે, ત્યારબાદ IPO લોન્ચ થશે અને વેલ્યુએશનને ફાઈનલ થશે. જોકે, કંપનીઓ સામાન્ય રીતે IPOમાં તેમના ૧૦% શેર વેચે છે, તેથી મીશોની વેલ્યુએશન લગભગ ૮ બિલિયન ડોલર (રૂ. ૭૦,૩૬૦ કરોડ) આસપાસ થવાની ધારણા છે. OFS માં મીશોના લાંબા સમયથી રોકાણકારો, જેમ કે પીક XV પાર્ટનર્સ, એલિવેશન કેપિટલ, વેન્ચર હાઈવે (હવે જનરલ કેટાલિસ્ટનો ભાગ), વાય કોમ્બિનેટર અને અન્ય લોકો તેમના શેર વેચશે. કંપનીના ફાઉન્ડર, વિદિત આત્રે અને સંજીવ બરનવાલ, પણ તેમનો કેટલોક હિસ્સો વેચશે.

## શબ્દ સંજોગ-૨૦૮૯



**આડી ચાવી :**
(૧) માથાનો મુગટ (૪)
(૪) યોગ્ય (૩)
(૬) રુચિ કરાવે તેવું, ગમતું (૩)
(૭) વીસની સંજ્ઞા (૨)
(૮) નિગ્રહ, સંયમ (૨)
(૧૦) વિના, સિવાય (૨)
(૧૧) લાગણી, બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું (૨)
(૧૨) પથ્થર ઘડનારો (૩)
(૧૪) શરીર, દેહ (૨)
(૧૬) સોબત, સહવાસ (૨)
(૧૭) થોડા રૂની ઓઢવાની ગોદડી (આ-અ) (૩)
(૧૯) મીઠા વચનથી મેળવી લેવું તે (૪)
(૨૧) ઘાણીની આસપાસનો બળદ નીચે વટાયેલો કચરો (૨)
(૨૩) વાટ, પ્રતીક્ષા (૨)
(૨૪) દિલગીરી (અ) (૨)
(૨૬) મુસલમાનોનો એક ખિતાબ (૩)
(૨૮) સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું (૩)
(૨૯) કઋતુનો વરસાદ (૩)
(૩૧) કપાસ લોઢવાનો સંચો (૩)
(૩૨) નાકથી વાયુ લેવો મૂકવો તે (૨)

**ઉભી ચાવી :**
(૧) માથે કે ઉપર આવેલું (૪)
(૨) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૩) છાશ (૨)
(૪) એક ઊડતું જીવડું (૨)
(૫) મજનૂની પ્રેયસી (૩)
(૭) હરકત, વિઘ્ન (૪)
(૯) એક કઠોળ-વટાણા (૩)
(૧૩) ગાંડુ (અ) (૩)
(૧૫) દૂધી (૨)
(૧૬) મૂર્છા, ભ્રાંતિ (૪)
(૧૮) થોડુંક જાગતું અને થોડુંક ઊંઘતું (૪)
(૧૯) જમીનધારો, આકારણી (૪)
(૨૦) યમુના નદી (૨)
(૨૨) તાબે, આધીન (૨)
(૨૫) અણસમજુ, મૂર્ખ (૩)
(૨૭) શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર (૩)
(૩૦) ભૂખમરાનું સંકટ (૨)

## શબ્દ સંજોગ-૨૦૮૮ જવાબ

**આડી ચાવી:** (૧) રંગ (૩) સૂર (૪) આસામ (૬) ગદાધર (૯) તૂત (૧૦) મકસદ (૧૩) જન્મારો (૧૬) હાવરો (૧૭) આઘો (૧૮) અદલી (૧૯) મઘા (૨૦) મજરે (૨૨) તર (૨૪) સ્થપતિ (૨૬) વડ (૨૭) ક્ષાર (૨૮) પરત.

**ઉભી ચાવી:** (૧) રંગરેજ (૨) ગદા (૩) સૂરત (૫) સાહસ (૭) ધતૂરો (૮) ટીમ (૧૧) કરો (૧૨) દડઘો (૧૪) ન્માઉદ (ઉન્માદ) (૧૫) અવરજવર (૧૭) આઘાત (૧૮) અગ્રસ્થ (૨૧) રેડ (૨૩) રસિત (૨૫) પત્ની.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## સાંસદ ભરત સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સહિત સમાજના આગેવાનો હાજર રહ્યા

# મંત્રી કૌશિક વેકરીયાએ ફતેપુર (ભોજલરામ) મંદિરે શીશ ઝુકાવ્યું

**રાકેશભાઈ સાવલીયા દ્વારા સાકરતુલા કરવામાં આવી**







અમરેલી,તા.૨૦

રાજયના કાયદો અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાનું રવિવારે અમરેલી ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. મંત્રી તરીકે કૌશિકભાઈ વેકરીયાએ શપથ લીધા બાદથી જ અમરેલીમાં જાણે ચાર દિવસ વહેલી દિવાળી આવી ગઈ હોય તેવો માહોલ જામ્યો હતો. વર્ષો બાદ અમરેલીના ધારાસભ્ય મંત્રી બનતા જિલ્લાવાસીઓમાં ખુશી ફેલાઈ હતી. કૌશિકભાઈ વેકરીયા પોતાના વતન દેવરાજીયા ગામે ગયા ત્યાં પણ તેનું ઉમળકાભેર સ્વાગત થયું હતું. ત્યારબાદ કૌશિકભાઈ વેકરીયા લેઉવા પટેલ સમાજના આસ્થાનું કેન્દ્ર એવા ફતેપુર(ભોજલરામ) મંદિરે સોમવારે પહોંચ્યા હતા જયાં તેમણે ભોજલરામ મંદિરે શીશ ઝુકાવ્યું હતું. પૂ.ભક્તિરામ બાપુએ આર્શીવચન પાઠવ્યા હતા. રાજય મંત્રી કૌશિક વેકરીયાની સાથે સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, દિનેશભાઈ ભુવા, સુરેશભાઈ દેસાઈ, રમેશભાઈ કાથરોટીયા, ડી.કે. રૈયાણી સહિતના લેઉવા પટેલ સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ તકે રાકેશભાઈ સાવલીયાએ રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાની સાકરતુલા કરી હતી અને આ સાકર પ્રસાદ સ્વરૂપે આપવામાં આવી હતી.

## આઈપીએસ સંજીવ ભટ્ટની બે અરજી હાઈકોર્ટ દ્વારા નકારવામાં આવી

અમદાવાદ,તા.૨૦

IPS સંજીવ ભટ્ટની પત્ની શ્વેતા ભટ્ટ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં બે અરજી કરવામાં આવી હતી. જેમાં એક અરજી સંજીવ ભટ્ટને રાજકોટ જેલથી પાલનપુર જેલ ટ્રાન્સફરની અને બીજી અરજી રાજ્ય સરકારને સંજીવ ભટ્ટને ક્લાસ ૧ કેદી તરીકે જાહેર કરતા નિર્દેશ માંગતી હતી. જોકે, ગુજરાત હાઈકોર્ટે આ બંને અરજી ફગાવી દીધી છે. શ્વેતા ભટ્ટે પતિ સંજીવ ભટ્ટને ક્લાસ ૧ કેદી તરીકે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવા હાઈકોર્ટના નિર્દેશ માંગતી અરજી કરી હતી. જેમાં જણાવ્યા મુજબ બોમ્બે જેલ મેન્યુઅલ અનુસાર આવા કેદીઓને ટેબલ, ખુરશી, બેડ જેવી વ્યવસ્થાઓ મળે છે. અરજદારના પતિ IPS ઓફિસર રહ્યા છે અને સિનિયર સિટીઝન છે. તેઓને કસ્ટોડિયલ ડેથ કેસમાં જામનગરની કોર્ટે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. તો પાલનપુરની કોર્ટે NDPS કેસમાં પણ સજા ફટકારી હતી.

## ઉનાના ભીંગરણ ગામ નજીક દરિયાઈ ખાડીમાંથી રૂા. ૧૬.૨૫થી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

ઉના,તા.૨૦

ઉના તાલુકાના ભીંગરણ ગામ નજીક દરિયાઈ ખાડીમાંથી અને એક પડતર મરઘા ફાર્મમાંથી પોલીસે રૂ.૧૬.૨૫ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં કુલ ૭૨૧૧ વિદેશી દારૂની બોટલ, એક બોટ અને એક નાની હોડી જપ્ત કરવામાં આવી છે. પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે પાંચ અન્ય શખ્સો



ફરાર છે. જિલ્લા ક્રાઈમ બ્રાન્ચને ભીંગરણ દરિયાઈ ખાડીમાં સ્મશાન નજીક બોટ દ્વારા દારૂ લાવવામાં આવતો હોવાની બાતમી મળી હતી. આ માહિતીના આધારે પીઆઈ વી.એમ. પટેલ, પીએસઆઈ સિંધવ અને પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ખાડીમાં શંકાસ્પદ 'અજમેરી સાગર' નામની બોટ (નંબર IND-DD-૦૨-MM ૭૬૩)ની તલાશી લેતા ભીંગરણ ગામના ટંડેલ જેન્તી જગા મજેઠીયા અને રામેશ્વર ગામના દિલીપ હાજા સિંગડના કબજામાંથી ૧૯૩૧ બોટલ વિદેશી દારૂ, નાની હોડી, મોબાઈલ ફોન અને બોટ સહિત કુલ રૂ.૧૦,૯૭,૨૨૫નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી હતી.

## ઉનાની ભેભા પ્રાથમિક શાળાના આચાર્યની અનોખી પહેલ: રજા પગારમાંથી વિદ્યાર્થીઓ માટે રૂ.૩ લાખનો ખર્ચ

ઉના,તા.૨૦



ઉના પંથકના ભેભા ગામે આવેલી પ્રાથમિક શાળાના આચાર્ય કિશોરસિંહ જેમુભા રાઠોડએ છેલ્લા સાત વર્ષથી એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ શરૂ કરીને શિક્ષણ જગતમાં માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દિવાળીના તહેવાર નિમિત્તે, આચાર્ય કિશોરસિંહ રાઠોડે શાળામાં અભ્યાસ કરતાં ૨૩૨ જેટલા ગરીબ પરિવારના બાળકોને તેમના ૧૩૫ દિવસના રજાના પગારમાંથી ખરીદી કરીને ફટાકડા, મીઠાઈ અને કપડાંનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે. આ વર્ષે આચાર્ય દ્વારા બાળકો પાછળ રૂ.૧ લાખના ફટાકડા, રૂ.૫૦ હજારના કપડાં અને રૂ.૧૫ હજારની મીઠાઈ સહિત કુલ રૂ.૩ લાખની રકમ ખર્ચવામાં આવી છે.

## અમદાવાદમાં પત્નીને પરપુરૂષ સાથે જોઈ જતા પતિએ પ્રેમીની હત્યા કરી

અમદાવાદ,તા.૨૦

દિવાળીનો તહેવાર શરૂ થઈ ગયો છે ત્યારે કાળીચૌદશની રાત્રે અમરાઈવાડી વિસ્તારમાં ગોપાલ નામના એક યુવકની ઘાતકી હત્યા થઈ છે. અનૈતિક સંબંધોની શંકા રાખીને યુવકની હત્યા કરાઈ હોવાનું પોલીસ પાસેથી જાણવા મળી રહ્યું છે. ઘરમાં પત્નીને પરપુરુષ સાથે જોઈ જતાં વિનોદ મલ્હા નામના શખ્સે છરીના બે ઘા મારી યુવકને મોતને



ઘાટ ઉતારી દીધો હતો. ઉલ્લેખનીય છે કે મૃતકના એક મહિના પછી લગ્ન હતા. અમરાઈવાડી વિસ્તારમાં આવેલા ન્યૂ ભવાનીનગરમાં રહેતી મોનિકા વાલજી રાઠોડે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં વિનોદ મલ્હા વિરુદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. મોનિકા ઘરકામ કરે છે અને તેનાં માતા-પિતા, ભાઈ ગોપાલ સાથે રહે છે. ગોપાલ મણિનગર ખાતે કેએફસીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈકાલે ગોપાલની વિનોદ મલ્હા નામના યુવકે ઘાતકી હત્યા કરી નાખી હતી. ગોપાલ જ્યાં નોકરી કરે છે ત્યાં અમરાઈવાડી વિસ્તારમાં રહેતી નેહા મલ્હા પણ નોકરી કરે છે. ગોપાલ અને નેહા સારાં મિત્રો હતાં, જેના કારણે વિનોદના મનમાં અનેક શંકા ઊભી થઈ હતી.

## અમદાવાદમાં વારંવાર ઝઘડા થતા હોવાથી પિતાએ પુત્રને મોતને ઘાટ ઉતાર્યો

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના રાણીપમાં પિતાએ પુત્રની હત્યા કર્યાનો કિસ્સો સામે આવ્યો છે. બેરોજગાર પુત્ર પિતા સાથે અવારનવાર ઝઘડા કરીને હેરાન કરતો હતો જેના કારણે પિતાએ પુત્રને ધારીયું મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. રાણીપ પોલીસે પિતા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી




છે. હત્યાનું ચોક્કસ કારણ જાણવા પણ પોલીસ તપાસ કરી રહી છે. અમદાવાદ રામોલમાં ખોડિયારનગરના છાપરામાં જયેશ ગોહેલ તેના પરિવાર સાથે રહે છે. જયેશના પરિવારમાં તેના પિતા, પત્ની અને બે બાળકો છે. જયેશને પત્ની સાથે અણબનાવ રહેતા છેલ્લા એક વર્ષથી જયેશની પત્ની બાળકો સાથે પિયરમાં રહે છે. જયેશને ૨ વર્ષની દીકરી અને ૫ વર્ષનો દીકરો છે. જયેશ કેટલાય સમયથી બેરોજગાર છે. જયેશ ઘરે પૈસા આપતો નહોતો અને પિતા ભાઈલાલભાઈ સાથે અવારનવાર ઝઘડા કરીને તેમને હેરાન કરતો હતો. પિતા-પુત્ર વચ્ચે અનેક વખત ઝઘડા થતા હતા.

## ઉનામાં આજે રૂા. ૩.૫ કરોડથી વધુના ખર્ચે ત્રણ બગીચાઓનું લોકાર્પણ કરાશે

ઉના,તા.૨૦

ઉના શહેરમાં આજે દિવાળીના પાવન પર્વે ત્રણ નવનિર્મિત બગીચા શહેરીજનો માટે ખુલ્લા મૂકવામાં આવશે. આ બગીચાઓ રૂ. ૩.૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે. ઉનાના ધારાસભ્યએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ બગીચાઓ સાજનનગર, શિશુભારતી સ્કૂલ પાસે અને ટાઉન હોલના કમ્પાઉન્ડમાં બનાવવામાં



આવ્યા છે. શહેરના સોસાયટી વિસ્તારોમાં નિર્માણ પામેલા આ બગીચાઓનો લાભ સિનિયર સિટીઝનો, બાળકો સહિતના તમામ શહેરીજનો લઈ શકશે. આ આધુનિક બગીચાઓમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

## સુરતના ડીંડોલીમાં વીજ કરંટ લાગવાથી ૧૩ વર્ષીય બાળકનું મોત

સુરત,તા.૨૦



દિવાળીના પાવન દિવસે સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં એક દુર્ભાગ્ય પૂર્ણ અને શોકજનક બનાવ સામે આવ્યો છે, જ્યાં કરંટ લાગવાથી એક ૧૩ વર્ષના માસૂમ કિશોરનું કરુણ મોત થયું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. માતાના હૈયાફાટ રૂદનના કારણે સૌ કોઈની આંખોમાં આંસુ આવી ગયા હતા. મળતી માહિતી મુજબ, આ ઘટના ડિંડોલી વિસ્તારની શિવનગર સોસાયટીમાં પ્લોટ નંબર ૩૯ પર આવેલા "શ્રીરામ ચાય અને પાન કોલ્ડ્રિંક સેન્ટર" ખાતે બની હતી. મૃતક બાળકનું નામ આંશિક પાલ (ઉંમર ૧૩ વર્ષ) હોવાનું જાણવા મળ્યું છે.

## ઉનાના સામતેર ગામેથી ડિગ્રી વગરનો બોગસ ડોક્ટર ઝડપાયો

**પોલીસે તેની દુકાનમાંથી મેડિકલને લગતા સાધનો અને એલોપેથીક દવાઓનો જથ્થો કબ્જે કર્યો**

ઉના,તા.૨૦

ઉના તાલુકાના સામતેર ગામમાંથી એક ડિગ્રી વગરના બોગસ તબીબને ઝડપી પાડવામાં આવ્યો છે. દિલીપ મનુ નકુમ, રહેવાસી વડવિયાળા, છેલ્લા ૬ થી ૭ વર્ષથી સામતેર ગામના ચોરા પાસે ભાડે દુકાન રાખીને મેડિકલ પ્રેક્ટિસ કરતો હતો. આ અંગેની જાણ તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર વિપુલ દુમાતર અને સામતેર પી.એચ.સી.ના તબીબ મનિષ નાગજી હડિયા દ્વારા જિલ્લા એસ.ઓ.જી.ને કરવામાં આવી હતી. એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. આઈ.બી. બાનવા, પી.એમ. ગોહિલ અને રણજીતસિંહ ચાવડાએ સ્થળ પર તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન, બોગસ તબીબ દિલીપ નકુમ પાસેથી કોઈપણ પ્રકારની માન્ય ડિગ્રી, સર્ટિફિકેટ કે મેડિકલ સંસ્થાની માન્યતા મળી ન હતી. પોલીસે તેની દુકાનમાંથી મેડિકલને લગતા સાધનો અને એલોપેથીક દવાઓનો જથ્થો કબ્જે કર્યો હતો. સામતેર પી.એચ.સી.ના તબીબે ઉના પોલીસ સ્ટેશનમાં આ બોગસ તબીબ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

**પાલડી વિસ્તારમાં જૈન દેરાસરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો**

## અમદાવાદની ક્રાઈમ બ્રાંચે પૂજારી સહિત પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા શ્રીલક્ષ્મીવર્ધક જૈન દેરાસરમાં થયેલી ૧.૬૪ કરોડની કિંમતના ચાંદીના દાગીના અને જડતરની ચોરીનો ભેદ ઉકેલાયો છે. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મુખ્ય આરોપી પૂજારી મેહુલ રાઠોડ સહિત ચોરીમાં સંડોવાયેલા



અને ચોરીના માલનો વહીવટ કરનાર વેપારીઓ સહિત કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું કે, છેલ્લા ૧૫ વર્ષથી પૂજારી તરીકે સેવા આપતા મેહુલે છેલ્લા અઢી વર્ષમાં કટર વડે કટિંગ કરીને ૧૧૭ કિલોથી વધુ ચાંદી ટુકડે ટુકડે ચોરી લીધી હતી. ચોરીના માલની ઓળખ ન થાય તે માટે વહીવટ કરનાર બે વેપારીઓ ચોરીની ચાંદી ગાળીને તેના બદલે નવી ચાંદી ખરીદી લેતા હતા. ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓ પાસેથી ૪૮ કિલો ચાંદી, રોકડ અને બોલેરો પીકઅપ કબજે કર્યા છે.

## ઉજ્જૈનના મહામંડલેશ્વર માતા સતી નંદગીરીજીએ માનવસેવા દ્વારા જન્મદિવસ ઉજવ્યો

બાબરા, તા.૨૦

રાજકોટ શહેરના ત્રંબા વિસ્તાર સ્થિત કસ્તુરબા માનવ મંદિરમાં આંતરરાષ્ટ્રીય કિન્નર અખાડાના ઉજ્જૈન મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ માતા સતી નંદગીરીજીએ પોતાના જન્મદિવસની અનોખી રીતે માનવસેવા દ્વારા ઉજવણી કરી હતી. માતાજીએ આશ્રમમાં રહેતા ૧૦૦થી વધુ મંદબુદ્ધિ ધરાવતા વ્યક્તિઓને પૌષ્ટિક



જ્યુસ પીવડાવી, સ્વાસ્થ્ય અને પોષણનો સંદેશ આપ્યો હતો. આ સાથે માતાજીએ ત્યાંના તમામ સ્ટાફ સભ્યો અને સંચાલકોને આશીર્વાદ આપીને તેમની સેવા ભાવનાની પ્રશંસા પણ કરી હતી.

આ પ્રસંગે માતા સતી નંદગીરીજીએ જણાવ્યું કે "દરેક સનાતનીએ પોતાના જન્મદિવસ, તહેવાર કે કોઈપણ શુભ પ્રસંગને ફક્ત ભોજન કે ઉજવણી સુધી મર્યાદિત ન રાખવો જોઈએ, પરંતુ ગૌશાળા, અનાથાલય, વૃદ્ધાશ્રમ કે માનવ સેવાના સ્થળે જઈને કોઈનું કલ્યાણ થાય તેવું કાર્ય કરવું જોઈએ. ધર્મનો સાચો અર્થ માનવતા સાથે જોડાયેલો છે."

# રાષ્ટ્રપતિ મુર્મુ, પીએમ મોદી સહિત દેશના નેતાઓએ દેશવાસીઓને દિવાળીની શુભકામના પાઠવી

**સકારાત્મકતાની ભાવના આપણી ચારે બાજુ રહે : મોદી**

ન્યુ દિલ્હી,તા.૨૦





દેશભરમાં દિવાળી ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહી છે. ગોવામાં, લોકોએ દુષ્ટતા પર ભગવાન કૃષ્ણના વિજયના પ્રતીક તરીકે રાક્ષસ નરકાસુરના મોટા પૂતળાનું દહન કરીને અનોખી રીતે દિવાળીની ઉજવણી કરી હતી. સવારે પણજીમાં આ પૂતળાનું દહન કરવામાં આવ્યું. લોકોએ શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ પ્રસંગે રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી હતી. X પર એક પોસ્ટમાં તેમણે કહ્યું, "દિવાળીના શુભ અવસર પર, હું ભારત અને વિદેશમાં રહેતા તમામ ભારતીયોને મારી શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવું છું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી. X પર એક પોસ્ટમાં મોદીએ કહ્યું, દિવાળીના અવસર પર હાર્દિક શુભેચ્છાઓ. પ્રકાશનો આ તહેવાર આપણા જીવનને સંવાદિતા, ખુશી અને સમૃદ્ધિથી પ્રકાશિત કરે.

# પીએમ મોદીએ નાગરિકોને સ્વદેશી વસ્તુઓ ખરીદવા માટે અપીલ કરી

નવીદિલ્હી, તા.૨૦



વડાપ્રધાન મોદીએ દિવાળી નિમિત્તે નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટમાં તેમણે નાગરિકોને ભારતીય વસ્તુઓ ખરીદવા અપીલ કરી છે, કહ્યું કે તેઓએ તેમની ખરીદીના ફોટા સોશિયલ મીડિયા પર શેર કરવા જોઈએ. આમ કરવાથી, તેઓ અન્ય લોકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા માટે પ્રેરણા આપશે. પીએમ મોદી લાંબા સમયથી લોકોને ભારતીય વસ્તુઓ ખરીદવા માટે વિનંતી કરી રહ્યા છે. તેમણે વડાપ્રધાન તરીકેના તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલનો મંત્ર આપ્યો હતો.

પીએમ મોદીએ તેમની પાછલી પોસ્ટમાં લખ્યું હતું કે, "આ તહેવારોની મોસમમાં, ચાલો ૧.૪ અબજ ભારતીયોની મહેનત, સર્જનાત્મકતા અને નવીનતાની ઉજવણી કરીએ. આવો, ભારતીય ઉત્પાદનો ખરીદો અને ગર્વથી કહો, 'આ સ્વદેશી છે!' તમે જે ખરીદ્યું છે તે સોશિયલ મીડિયા પર શેર કરો. આ રીતે, તમે અન્ય લોકોને પણ આવું કરવા માટે પ્રેરણા આપશો."

પીએમ મોદીએ માય ગવર્નમેન્ટ ઈન્ડિયા તરફથી એક પોસ્ટ શેર કરી, જેમાં લોકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા માટે વિનંતી કરવામાં આવી છે. આ એકાઉન્ટ નાગરિકોને સરકાર સાથે જોડે છે અને સરકારી નીતિઓને જનતા સુધી વધુ સારી રીતે પહોંચાડે છે.

# મુંબઈમાં ૮૨ વર્ષીય નિવૃત્ત વ્યક્તિ સાથે ૧ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી

મુંબઈ,તા.૨૦

મુંબઈના વિલે પાર્લે વિસ્તારમાં એક ૮૨ વર્ષીય નિવૃત્ત વ્યક્તિ એક મોટી સાયબર છેતરપિંડીનો ભોગ બન્યો છે. CBI અને દિલ્હી પોલીસના અધિકારીઓ તરીકે ઓળખાતા છેતરપિંડી કરનારાઓએ તેમની સાથે ૧.૦૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી. મુંબઈ સાયબર પોલીસે આ કેસમાં અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઈઆર દાખલ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતાને દિલ્હી ટેલિકોમ વિભાગના અધિકારી પવન કુમાર તરીકે ઓળખાવનાર વ્યક્તિનો વોટ્સએપ વીડિયો કોલ આવ્યો કેનેરા બેંકમાં તેના આધાર કાર્ડનો ઉપયોગ કરીને નકલી એકાઉન્ટ ખોલવામાં આવ્યું છે, જેના દ્વારા ગેરકાયદેસર આંતરરાષ્ટ્રીય વ્યવહારો કરવામાં આવી રહ્યા છે. તેમણે પીડિતાને ધરપકડ વોરંટની ધમકી આપી હતી અને ક્લિયરન્સ સર્ટિફિકેટના બહાને તેની બેંક વિગતો માંગી હતી.

# જે છોકરીઓ ઘરેથી ભાગી જવા માટે તૈયાર હોય છે તેમને માર મારીને સુધારવી જોઈએ : સાધ્વી પ્રજ્ઞા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦



સાધ્વી પ્રજ્ઞા, જે હંમેશા પોતાના નિવેદનોને કારણે વિવાદમાં રહે છે, તેણે ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ નિવેદનમાં, તેમણે હિન્દુ માતાપિતાને તેમની દીકરીઓને માર મારીને સુધારવાની સલાહ આપી છે. સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું કે જો કોઈ છોકરી અનાદર કરે છે અથવા બિન-હિન્દુઓના ઘરે જવાનો પ્રયાસ કરે છે, તો તેના પગ તોડી નાખવામાં કોઈ કસર છોડશો નહીં. જ્યારે માતાપિતા તેમના બાળકોને ત્રાસ આપે છે, ત્યારે તેઓ તેમના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આવું કરે છે. જે છોકરીઓ તેમના માતાપિતાનો અનાદર કરે છે, તેમનો અનાદર કરે છે અને ઘરેથી ભાગી જવા માટે તૈયાર હોય છે, તેમને માર મારીને સુધારવી જોઈએ.

હકીકતમાં, સાધ્વી પ્રજ્ઞાએ પુત્રીઓને લવ જેહાદથી બચાવવા માટે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમનું નિવેદન હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. સાધ્વી પ્રજ્ઞાએ પોતાના નિવેદનમાં કહ્યું, "તમારા મનને મજબૂત બનાવો, તમારા મનને એટલું મજબૂત બનાવો કે જો તમારી દીકરી આજ્ઞાનું પાલન ન કરે, જો તમારી દીકરી કોઈ અશ્રદ્ધાળુના ઘરે જવાનો પ્રયાસ કરે, તો તેના પગ તોડી નાખવામાં કોઈ કસર છોડશો નહીં.

# ઉમેદવારી સરઘસમાં સાયરન લાઈટવાળી એસયુવીનો ઉપયોગ કરવા બદલ તેજ પ્રતાપ યાદવ સામે ફરિયાદ

હાજીપુર,તા.૨૦



રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર અને જનશક્તિ જનતા દળના પ્રમુખ તેજ પ્રતાપ યાદવ પર બિહારના વૈશાલી જિલ્લાની મહુઆ વિધાનસભા બેઠક માટે ઉમેદવારી પત્ર ભરતી વખતે આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો છે, એમ પોલીસે રવિવારે જણાવ્યું હતું. આ ઘટના ૧૬ ઓક્ટોબરના રોજ તેમના ઉમેદવારી સરઘસની છે, જ્યારે તેજ પ્રતાપ યાદવ પોલીસ સ્ટીકર અને સાયરન લાઈટવાળી ખાનગી SUVનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

# ઓપરેશન સિંદૂર પછી પહેલી દિવાળી, સરહદ પર બહાદુર સૈનિકોનો જુસ્સો ઝળકે છે : કમાન્ડન્ટ મુકેશ પનવર

જેસલમેર,તા.૨૦




જેસલમેરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ફટાકડા ફોડીને, મીણબત્તીઓ પ્રગટાવીને અને માટીના દીવા પ્રગટાવીને બીએસએફ સૈનિકોએ દિવાળીની ઉજવણી કરી હતી. ૧૨૨ બટાલિયનના કમાન્ડન્ટ મુકેશ પનવરે જણાવ્યું હતું કે તેઓ સરહદ પર એક પરિવારની જેમ ખૂબ જ ઉત્સાહથી દિવાળીની ઉજવણી કરી રહ્યા છે. ઓપરેશન સિંદૂર ૧ ચાલુ છે, અને બીએસએફની કાર્યવાહી આતંકવાદની વિચારધારામાં માનનારાઓ સામે છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સના સૈનિકોએ સોમવારે જેસલમેરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ફટાકડા ફોડીને, મીણબત્તીઓ પ્રગટાવીને અને માટીના દીવા પ્રગટાવીને દિવાળીની ઉજવણી કરી હતી. દરમિયાન, ૧૨૨ બટાલિયનના કમાન્ડન્ટ મુકેશ પનવરે કહ્યું કે તેઓ એક પરિવારની જેમ તહેવાર ઉજવી રહ્યા છે. અમે આંતરરાષ્ટ્રીય સરહદ પર એક પરિવારની જેમ ખૂબ જ ઉત્સાહથી દિવાળીની ઉજવણી કરી રહ્યા છીએ, બીએસએફ કમાન્ડન્ટે જણાવ્યું. પનવરે ચાલુ ઓપરેશન સિંદૂર વિશે કહ્યું, "ઓપરેશન સિંદૂર ૨ હજુ ઘણું દૂર છે કારણ કે ઓપરેશન સિંદૂર ૧ હજુ પણ ચાલુ છે, અને મને વિશ્વાસ છે કે તે વડાપ્રધાનના વિઝનને સાકાર કરવા માટે પૂરતું છે... અમારી કાર્યવાહી કોઈ દેશ વિરુદ્ધ નથી, પરંતુ આતંકવાદની વિચારધારામાં વિશ્વાસ રાખનારાઓ વિરુદ્ધ છે.

# બિહાર ચૂંટણી : આરજેડીએ ૧૪૩ ઉમેદવારોની યાદી જાહેર કરી, તેજસ્વી યાદવ રાઘોપુરથી ચૂંટણી લડશે

(એચ.એસ.એલ),પટણા,તા.૨૦



રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) એ આગામી બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પાર્ટીએ રાજ્યની ૨૪૩ બેઠકોમાંથી ૧૪૩ બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી છે. આ જાહેરાત સાથે, આરજેડીએ ચૂંટણી માટેની તૈયારીઓને ઔપચારિક રીતે અંતિમ સ્વરૂપ આપી દીધું છે.

આરજેડી દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, તેજસ્વી યાદવ વૈશાલી જિલ્લામાં આવેલી તેમની પરંપરાગત રાઘોપુર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. તેજસ્વી યાદવે આ બેઠક પરથી ઉમેદવારી નોંધાવી દીધી છે અને હવે તેઓ ત્રીજી વખત અહીંથી ચૂંટણી લડશે. રાઘોપુર બેઠક લાલુ પ્રસાદ યાદવના પરિવારનો ગઢ માનવામાં આવે છે, જ્યાં લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવી પણ ધારાસભ્ય રહી ચૂક્યા છે. બિહાર વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થાય છે. ભારતના ચૂંટણી પંચે આ તારીખ પહેલાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની જરૂર છે. સોમવારે એક પત્રકાર પરિષદમાં, ચૂંટણી પંચે ચૂંટણી તારીખોની જાહેરાત કરી. ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે બિહારમાં બે તબક્કામાં મતદાન થશે. પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે યોજાશે, જ્યારે બીજો તબક્કો ૧૧ નવેમ્બરે યોજાશે. વધુમાં, મતદાન પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે.

# પેરિસના લૂવર મ્યુઝિયમમાં ધોળા દિવસે મોટી લૂંટ, નેપોલિયન અને જોસેફાઈનના ઘરેણાં ચોરાયા

પેરિસ,તા.૨૦



ફ્રાન્સની રાજધાનીમાં રવિવારે ધોળા દિવસે મોટી લૂંટનો ભોગ બન્યું હતું. નેપોલિયન અને જોસેફાઈનના ઘરેણાં પણ ચોરાઈ ગયા હતા. આ ઘટનાથી માત્ર મુલાકાતીઓ જ નહીં પરંતુ સંગ્રહાલયના અધિકારીઓ પણ ચકીત થઈ ગયા હતા. આ ઘટના ધોળા દિવસે બની હતી, અને સંગ્રહાલય તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું. ચોરોએ નેપોલિયન અને જોસેફાઈનના કિંમતી ઘરેણાં ચોરી લીધા હતા અને ભાગી ગયા હતા. લૂંટ બાદ, સંગ્રહાલય બંધ કરી દેવામાં આવ્યું હતું, પોલીસ તપાસ કરી રહી છે. ફ્રેન્ચ મીડિયા અહેવાલો અનુસાર, ચોરોએ મ્યુઝિયમમાં ઘૂસવા માટે ખૂબ જ આયોજિત અભિગમનો ઉપયોગ કર્યો. લૂંટ સારી રીતે ગોઠવાયેલી અને આયોજિત હતી, અને કોઈ શારીરિક ઈજાઓ કે સંઘર્ષની જાણ કરવામાં આવી ન હતી.

# હિમાચલના સમ્મુ ગામના લોકો દાયકાઓથી દિવાળીની ઉજવણી કરતા નથી


શિમલા,તા.૨૦

ભારતમાં દિવાળી ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહી છે. આ એક એવો તહેવાર છે જેની લોકો આતુરતાથી રાહ જુએ છે અને ખૂબ જ આનંદથી ઉજવે છે. ઘણી જગ્યાએ, દિવસ ફટાકડાના અવાજ અને દીવાના પ્રકાશથી ભરેલો હોય છે.

જોકે, હિમાચલ પ્રદેશનું એક ગામ આ દિવસે શાંત રહે છે. હિમાચલ પ્રદેશના હમીરપુર જિલ્લાના આ ગામમાં દાયકાઓથી દિવાળી ઉજવવામાં આવતી નથી, અને આજે પણ લોકો તેને શાપિત ગામ તરીકે ઓળખે છે. જિલ્લા મુખ્યાલયથી લગભગ ૨૫ કિલોમીટર દૂર આવેલા સમ્મુ ગામના લોકો દિવાળી પર ખોરાક બનાવતા નથી, કે ઘરો સજાવતા નથી, કે તહેવાર ઉજવવાનો પ્રયાસ કરતા નથી. ગામમાં એવી માન્યતા છે કે જો કોઈ દિવાળી ઉજવવાનો પ્રયાસ કરશે તો ગામમાં આફત કે અકાળ મૃત્યુ આવશે.

# ભારત હજુ પણ રશિયા પાસેથી તેલ ખરીદતું હોવાથી અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ નાખુશ

વોશિંગ્ટન,તા.૨૦



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ચેતવણી આપી છે કે જો તે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ નહીં કરે તો તેને ભારે ટેરિફનો સામનો કરવો પડશે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે તેમણે આ મુદ્દે પીએમ મોદી સાથે વાત કરી હતી, જોકે વિદેશ વિભાગે ટ્રમ્પના દાવાને ફગાવી દીધો છે. ટ્રમ્પ કહે છે કે રશિયા પાસેથી તેલ ખરીદીને ભારત પરોક્ષ રીતે યુક્રેન યુદ્ધમાં મદદ કરી રહ્યું છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી છે. તેમણે એવો દાવો પણ કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ખાતરી આપી છે કે તેઓ રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચેની વાતચીત વિશે તેમની પાસે કોઈ માહિતી નથી.

# આપણા પૂર્વજોએ દુનિયાને જ્ઞાન આપ્યું, ન તો રાજ્યો જીતી લીધા કે ન તો બળજબરીથી ધર્માંતરણ કરાવ્યું : મોહન ભાગવત

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૦



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે મુંબઈમાં એક પુસ્તક વિમોચન સમારોહમાં કહ્યું કે ભારતીય સભ્યતાએ બળજબરીથી નહીં, પરંતુ જ્ઞાન અને શાસ્ત્રો દ્વારા વિશ્વને સમૃદ્ધ બનાવ્યું છે. ભાગવતે પોતાના સંબોધનમાં દેશની પ્રાચીન પરંપરાઓ, આધ્યાત્મિક વૈભવ અને આધુનિક પડકારો વિશે વાત કરી. કાર્યક્રમને સંબોધતા મોહન ભાગવતે કહ્યું કે ભારતમાં એક યુગ હતો જ્યારે આપણે સમગ્ર વિશ્વમાં 'સારી સંસ્કૃતિ' ફેલાવી હતી. કોઈ આર્ય રાજવંશ નહોતો. જે લોકો સંસ્કારી અને સારા વર્તનવાળા હતા તેઓને આર્ય કહેવામાં આવતા હતા. આપણા પૂર્વજો કેવી રીતે મુસાફરી કરતા હતા તે સંપૂર્ણપણે જાણીતું નથી, પરંતુ તે સ્પષ્ટ છે કે તેઓ મેક્સિકોથી સાઈબિરીયા સુધી સમગ્ર વિશ્વમાં ફેલાયા હતા. તેઓ જ્યાં પણ ગયા, તેમણે ન તો રાજ્યો જીતી લીધા કે ન તો બળજબરીથી ધર્માંતરણ કર્યું. તેના બદલે, તેઓએ સભ્યતા, ગણિત, આયુર્વેદ અને વિવિધ શાસ્ત્રો વહેંચીને બીજાઓને સમૃદ્ધ બનાવ્યા. તેઓએ આ બધું પોતાના વારસા દ્વારા વિશ્વને મજબૂત અને પ્રબુદ્ધ કરવા માટે કર્યું.

તેમણે એમ પણ કહ્યું કે સમય જતાં, કેટલીક નબળાઈઓ અને વૈભવી સુવિધાઓને કારણે, આપણે આપણા ભવ્ય ભૂતકાળને ભૂલી ગયા, અને બાહ્ય આક્રમક શક્તિઓએ આપણા સંસાધનો અને શાણપણને નુકસાન પહોંચાડ્યું. સંઘના વડાએ કહ્યું, "આપણે સમગ્ર વિશ્વમાં સદ્ભાવના વહન કરી, પરંતુ બહારના લોકો આવ્યા જે સદ્ભાવના ધરાવતા નહોતા, તેઓ ફક્ત જીતવા માંગતા હતા.

# મહારાષ્ટ્રમાં ચૂંટણી પંચ સામે એકજૂથ થઈને વિરોધપક્ષો ૧ નવેમ્બરે વિરોધપ્રદર્શન કરશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૦




મહારાષ્ટ્રમાં વિરોધ પક્ષો સતત મતદાર યાદીમાં છેતરપિંડી અને ચૂંટણી પંચ અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. વિપક્ષ ચૂંટણી પંચ અને ભાજપ વચ્ચે મિલીભગતનો આરોપ લગાવી રહ્યો છે. દરમિયાન, વિરોધ પક્ષોએ ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી ગેરરીતિઓ સામે ૧ નવેમ્બરે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. નોંધપાત્ર વાત એ છે કે, આ વખતે, મનસેના વડા રાજ ઠાકરે પણ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર સાથે જોવા મળશે. ચૂંટણી પંચની અનિયમિતતાઓ સામે વિરોધ પક્ષોએ ૧ નવેમ્બરે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. રવિવાર (૧૯ ઓક્ટોબર) ના રોજ મુંબઈના શિવસેના ભવન ખાતે આયોજિત સર્વપક્ષીય પત્રકાર પરિષદમાં, મુખ્ય વિરોધ પક્ષો - શિવસેના (ઉદ્ધવ ઠાકરે), કોંગ્રેસ, મનસે અને એનસીપી (શરદ પવાર જૂથ) - એ ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીમાં અનિયમિતતાઓ સામે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી. શિવસેના (યુબીટી) ના સાંસદ સંજય રાઉતે કહ્યું કે હવે બધા વિરોધ પક્ષો માટે એક થવાનો સમય આવી ગયો છે.

# વાહન અથડાવા જેવી સામાન્ય બાબતે રાજકોટમાં ટ્રીપલ મર્ડરથી ખળભળાટ

**એક સાથે ત્રણ ખૂન થતા પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડ્યો**



રાજકોટ,તા.૨૦

સમગ્ર દેશમાં દિવાળીના પાવન તહેવારની ઉજવણી વચ્ચે રાજકોટમાંથી એક ચોંકાવનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે. દિવાળીના એક દિવસ પૂર્વે એટલે કે કાળી ચૌદશની મોડી રાત્રે શહેરના ગોંડલ રોડ પર આવેલા આંબેડકરનગર વિસ્તારમાં વાહન અથડાવા જેવી નજીવી બાબતને લઈને થયેલી જૂથ અથડામણમાં એકસાથે ત્રણ વ્યક્તિઓની હત્યા થતાં સમગ્ર શહેર હચમચી ઉઠ્યું છે. મળતી માહિતી મુજબ, મધરાતની આ હિંસક અથડામણમાં એક પક્ષના બે સગા ભાઈઓની છરીના ઘા ઝીંકીને હત્યા કરી દેવાઈ છે. મૃતકોની ઓળખ ૪૫ વર્ષીય સુરેશ પરમાર અને ૪૦ વર્ષીય વશરામ પરમાર તરીકે થઈ છે. એટલું જ નહીં, આ અથડામણમાં સામા પક્ષે હુમલો કરનાર યુવક અરુણ બારોટની પણ હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનામાં અન્ય લોકોને પણ ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતક બંને ભાઈઓના પિતા વશરામભાઈએ આ હૃદયદ્રાવક ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું કે, 'મારા બંને દીકરાઓ મજૂરી કામ કરીને રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રે ૧૦:૩૦ થી ૧૧:૦૦ વાગ્યાની આસપાસ તેમનું વાહન અથડાયું હશે, જે બાબતે "જોઈને ચલાવવા" કહેતા બોલાચાલી થઈ હતી. તેમણે આક્ષેપ કરતા કહ્યું કે, 'સામેવાળા લુખ્ખા તત્ત્વોએ મારા બંને દીકરા, તેમના દીકરા અને મારી પુત્રવધૂ ઉપર છરીઓ ઉગામી હુમલો કર્યો, જેમાં આજે મારા બંને દીકરાના મોત થયા છે.' વશરામભાઈએ વિસ્તારમાં વધી રહેલા દારૂના દૂષણ તરફ ધ્યાન દોર્યું હતું અને માગ કરી કે, 'અમારા વિસ્તારમાં દારૂનું દૂષણ વકરી રહ્યું છે તે દૂર કરવામાં આવે. લુખ્ખા તત્ત્વો આવી રીતે દારૂ પીને સરેઆમ લુખ્ખાગીરી કરતા જોવા મળે છે.'

# ગાંધીનગરના સેક્ટર ૧૭માં ધારાસભ્યો માટે ૯ માળના ૧૨ એપાર્ટમેન્ટ અને ૨૧૬ લક્ઝુરિયસ ફ્લેટ તૈયાર



ગાંધીનગર,તા.૨૦

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ધારાસભ્યો માટે નવા ક્વાર્ટર્સ તૈયાર કરવામાં આવ્યા છે. ગાંધીનગરનાં સેક્ટર ૧૭ ખાતે ધારાસભ્યો માટે 3BHK લક્ઝુરિયસ ફ્લેટ બનાવવામાં આવ્યા છે. માહિતી અનુસાર, સેક્ટર ૧૭ ખાતે ૯ માળનાં ૧૨ એપાર્ટમેન્ટ અને ૨૧૬ ફ્લેટ ધારાસભ્યો માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ નવા નિવાસસ્થાનનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. સંભવિત ૨૩ ઓક્ટોબરનાં રોજ ગાંધીનગરમાં ઉદ્ઘાટન કાર્યક્રમનું આયોજન થઈ શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ૨૧૬ 3BHK લક્ઝુરિયસ ફ્લેટમાં આધુનિક સુવિધાઓ હશે. જે ગાંધીનગરના વહીવટી અને સાંસ્કૃતિક મહત્ત્વને વધુ ઊજાગર કરશે. એમએલએના નવા ક્વાર્ટર્સનાં ઉદ્ઘાટન કાર્યક્રમને લઈ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ધારાસભ્ય માટે નવા નિવાસસ્થાનની રજૂઆત બાદ નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. નવા આવાસ માટે બજેટમાં પણ વિશેષ જોગવાઈ રાખવામાં આવી હોવાની માહિતી છે.











